શ્રી ગણેશાય નમ:

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:


आ नो भद्राः क्रत्वो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

માર્ચ, ૨૦૧૯



There is no path
to hapiness.

Happiness
is
the path.

For private circulation

મંઝિલ બનીને આવ ન રહેબર બનીને આવ
મુઝ માર્ગમાં ભલે ન તું સહચર બનીને આવ
કિન્તુ મને ન છોડ અટૂલો પ્રવાસમાં
કાંઈ નહીં તો છેવટે ઠોકર બનીને આવ

– બેફ઼ામ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | સુહાની દીક્ષિત | ૧ |
| ૨) | જીવનપથ (નિયમિત કટાર) | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨ |
| ૩) | શરૂ થઈ જાય છે સપનું | સંસ્કૃતિરાણી દેસાઈ | ૩ |
| ૪) | ફરિયાદ | ગિરિમા ઘારેખાન | ૩ |
| ૫) | ગૌરીશંકર માસ્તર | મહાશ્વેતા પંડ્યા | ૪ |
| ૬) | મારી રામકહાણી | શીતલ દેસાઈ | ૮ |
| ૭) | બે પ્રસંગો | જયંત હાથી | ૯ |
| ૮) | આપણો સ્ત્રીનો અવતાર | સુનીલ અંજારિયા | ૧૦ |
| ૯) | આપણી સ્વાવલંબી હસ્તકળાઓ | દિનેશ બુચ | ૧૬ |
| ૧૦) | સુગંધ | રુદ્રાક્ષ વોરા | ૧૯ |
| ૧૧) | દીકરી | કુંજલ છાયા | ૧૯ |
| ૧૨) | બીલ્ડર | મેધા અંતાણી | ૨૦ |
| ૧૩) | સત્યની ખોજ | સાધના બુચ | ૨૦ |
| ૧૪) | જ્ઞાનનો દરિયો અને શ્રદ્ધાનું ટીપું | નિખિલ દેસાઈ | ૨૧ |
| ૧૫) | પ્રાયશ્ચિત | અરુણ માંકડ | ૨૨ |
| ૧૬) | શ્રાદ્ધ | દીના વછરાજાની | ૨૩ |
| ૧૭) | શ્વતે-શ્યામ | લીના વછરાજાની | ૨૪ |



ટીમ નાગરમંજૂષા

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, ભદ્રાયુ વૈષ્ણવ તથા સુહાની દીક્ષિત

વિશેષ આમંત્રિત

ડૉ. ભદ્રાયુ વછરાજાની

# તંત્રી સ્થાનેથી

કુશળ હશો... નાગર મંજૂષા આ વખતે એક લાં....બા વિરામ બાદ તમારા સુધી પહોંચ્યું છે. એ બદલ દિલગીરી વ્યક્ત કરું છું. રોજિંદી ઘટમાળ આપણને સહુને વ્યસ્ત રાખે છે, પરંતુ એ વ્યસ્ત ઘટમાળથી ત્રસ્ત થયા વગર એમાં જ મસ્ત રહેવું એ જ સફળ જીવનની ચાવી છે. આપણે સહુ કોઈક ને કોઈક વાતે ચિંતાગ્રસ્ત છીએ. ક્યારેક તો હસવું જ ભૂલી જતાં હોઈએ છીએ, તો વળી ક્યારેક પરાણે હસી લઈએ છીએ.. તમને યાદ છે તમે છેલ્લે ક્યારે મન મૂકીને ખડખડાટ હસ્યા હતા? નહીં ને? તો આપણે કેમ ફરી એક વાર બધું જ ભૂલીને મુક્ત મને ન હસીએ. કદાચ એ જ સુખનો પાસવર્ડ છે. ચાલો ને એને Unlock કરીએ. દુનિયાને બદલવા કરતાં સ્વયં બદલાઈને, આ બદલાયેલી દુનિયાને માણવાની મઝા લૂંટીએ. તો કદાચ આપણે જે નંદનવનની કલ્પનામાં રાચીએ છીએ એનો સાક્ષાત્કાર થઈ જાય એટલું ચોક્કસ. સુખની પરિભાષા શું છે? આ તાળાની ચાવી આપણી પાસે જ છે. નાની નાની બાબતમાં – કોઈ પણ સંજોગોમાં જો સકારાત્મક વલણ અપનાવીએ તો વેંત છેટે રહેલું સુખ આપણા ગજવામાં આવી પડે છે. ક્યારેક ઉંમર અને હોદ્દો ભૂલીને નાનકડા બાળકની જેમ વર્તન કરવાની મઝા પણ કંઈક અલગ જ હોય છે સાહેબ! નાના બાળક બનીને તો જુઓ! કદાચ આનાથી વધુ અઘરું કામ કોઈ જ નહીં હોય. ટૂંકમાં પતાવું તો દુઃખ, નિરાશા, હતાશા વ. તો આપણને સુખ તરફ લઈ જતા ધોરી માર્ગ પર આવતાં માઈલસ્ટોન છે જે સૂચવે છે બસ, મંજિલ હવે ટૂંકી જ છે....

**સુહાની દીક્ષિત**

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.
૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી
૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.
૪. કૃતિ મોકલવાનું સરનામું :


**સુહાની દીક્ષિત**

સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૭.

ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ – ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**

બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૭.

ફોન : ૦૨૨ – ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org



DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# વાંચન : જીવનઘડતરનો કીમિયાગર

બહુ કપરું થતું જાય છે સ્મરણોને ઢંઢોળવાનું.. ના, સ્મરણને તાજાં કરવાં મુશ્કેલ નથી, પણ સ્મૃતિઓનો પટારો એક વાર ખૂલેને પછી કાબૂ બહારનો પ્રવાહ તેમાંથી વહે છે, ધસમસતો અને અવિરત; મુસળધાર વરસાદની હેલી જેવો અનુભવ થાય છે!... એમાંય એ પટારાનું કોઈ ગમતું ખાનું ખૂલી જાય એટલે તો આખી વાત કાબૂ બહાર...

એમાં કોઈ પૂછી બેઠું કે તમે ક્યારથી વાંચતાં શીખ્યા? શું વાંચ્યું? કેમ વાંચ્યું? કેવું લાગ્યું? ભારે મૂંઝવણ થઈ. શો જવાબ દેવો? ક્યારથી વાંચતાં શીખ્યાનો જવાબ તો ફટ દઈને મળ્યો : જ્યારે જીવતા શીખ્યા ત્યારથી વાંચતાં શીખ્યા!!

નાનું ઘર અને મોટું કુટુંબ. દોઢ-બે રૂમના મકાનમાં સાત જણ જીવે અને એમાં માબાપના આપણે ચોથા ક્રમના એટે કહોને : Last but one! ઊતરચડ સંતાનોને ઉછરવાનું, ભણવાના ચોપડાનુંય માંડ થતું, ત્યાં બીજી ચોપડીઓને ક્યાંથી સ્થાન મળે? ઘરમાં એવી કોઈને વિશેષ વાંચનની રુચિ નહીં એટલે નિત્યા પૂછે છે તેવું વાંચન નાનપણથી ભેટમાં ન મળ્યું. ઘરમાં એક છાપું નિયમિત આવે, એ ઊંધું ઘાલીને વાંચી જતો તેવું યાદ છે, પણ છાપાના વાંચનને કંઈ વાંચનપ્રીતિ થોડી કહેવાય? ...પણ હા, મને ભણવાના ચોપડા સાચવવા-ગોઠવવા બહુ ગમે. આ ચોપડા મને જાદુઈ પેટી જેવા લાગે. નાના નાના અક્ષરોમાં પાને પાને કેટલું બધું લખ્યું હોય! એટલે નિશાળના ચોપડા વહાલા બહુ, તેને સાચવું, તેને રૂપાળાં (છાપાનાં પાનાંના...) પૂંઠા ચડાવું, તેની પર નામ લખી ગુંદરથી કાગળ ચીપકાવું અને જાળવીને ટેબલના સંયુક્ત ખાનામાં કે થેલીમાં (...તે સમયની સ્કૂલ બૅગમાં) રાખું. કોઈ પણ પુસ્તકના એક પણ પાનાંમાં ખૂણોય વળી જાય તો મને ઓછું આવી જતું! આજે પણ મારે મન પ્રત્યેક પુસ્તક સજીવ છે, તેના પર ધૂળ ચડે તો મારો જીવ કપાય! આમ, પુસ્તક પ્રીતિ બચપણથી... પણ ખરું વાંચન શરૂ થયું ત્રીજા ધોરણમાં હતો ત્યારથી...

ત્રીજા ધોરણમાં રાજકોટની મ્યુનિસિપાલિટી સંચાલિત શાળા નં.-૨૨ (સરકારી સ્કૂલ)માં ભણતો હતો, ત્યારની વાત છે. હું ગોખેલું બરાબર યાદ રાખી કડાડાટ બોલી જવામાં હોંશિયાર હતો, એટલે શહેરમાં નાની-મોટી સ્પર્ધા હોય તો મારું નામ મોકલવામાં આવતું. રાજકોટના શ્રી રામકૃષ્ણ આશ્રમ દ્વારા સ્વામી વિવેકાનંદજીના જન્મદિન નિમિત્તે મુખપાઠ સ્પર્ધામાં મેં સ્કૂલ વતી ભાગ લીધો ને હું પ્રથમ આવ્યો. મને ઈનામમાં સ્વામી વિવેકાનંદ-શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શ્રી મા શારદાદેવીની નાની નાની ચોપડીઓ ભેટ મળી. ઈનામમાં આશ્રમે બધા કરતાં કંઈક જુદું આપ્યું હતું, એવું મને લાગ્યું. ઘરે આવીને ઘરનાં સૌને તે ચોપડીઓ એક વાર બતાડી બધી મારી કને રાખી દીધી. તેને બહુ સાચવતો, જાણે કેમ મારી જાગીર હોય. મારા સૌથી મોટા ભાઈ હોંશિયાર, તેણે આ ચોપડીઓ વાંચવા માગી તો મને કશુંક લૂંટાય જશે તો? એવી ભાવના થઈ... એટલે મારા ભાઈએ કહ્યું : તું આ ચોપડીઓ વાંચતો તો નથી, તેં રાખી મૂકે છે. એટલે મને થયું કે ચોપડીઓ મને મળી છે તેથી તે મારી છે એવો દાવો લાંબો સમય નહીં ટકે; આ ચોપડીઓ આપણે વાંચીએ તો તેના પર આપણો હક્ક બને! બસ એટલે ઠાવકા થઈ બધા નોંધ લે તેમ મેં પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. આમ, ગણવું હોય તો ગણાય કે મેં ત્રીજા ધોરણથી પુસ્તક વાંચનનો પંથ આદર્યો.

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

# શરૂ થઈ જાય છે સપનું

હું ચાલું છું ને
એક સપનું શરૂ થઈ જાય છે;
વધવા માંડે છે મારી સાથે આગળ.
અટકી જાય છે તરત
ઊભો રહું છું જ્યારે
હોતું નથી મારી સાથે
બેસું છું કે સૂઈ જાઉં છું ત્યારે.
ઢળી પડે છે
ત્યાં જ રસ્તા પર
સાંજે પાછો આવું છું જ્યારે.
પેલું અધૂરું સપનું
ચાલવા માંડે છે મારી સાથે તરત,
જાગ્રત થઈ
ચાલતા હોય છેમારી સાથે
એક સાથે
બે સપનાં
તો કોઈ વાર, ચાં, પાંચ, છ પણ.
મને ખૂબ ગમે છે.
મારી સાથે સપનાંનું ટોળું.
બસ સૂઈ ગયો કબરમાં મૃત
લાગે છે.
રાતે ઊંઘી જાઉં છું જ્યારે.
બધું જ બંધ તરત.
એટલે મને સૂવું નથી ગમતું.
ગમે છે મને ચાલ્યા કરવું
સપનાઓની સાથે....સંગાથે.

**સ્ફૂતિરાણી દેસાઈ**

# ફરિયાદ

'સાહેબ, અમારી દીકરી, અમારી ગીતા ગુમ થઈ ગઈ છે.'

'અમને બહુ ફિકર થાય છે સાહેબ. જમાનો બહુ ખરાબ છે. અમારી ગીતા સાથે કંઈ....' બાકીના શબ્દો આંસુ સાથે વહી ગયા.

ઈન્સ્પેક્ટર ચૌધરીએ ફરિયાદ નોંધવવા આવેલા આ પ્રૌઢ ગરીબ દેખાતાં પતિ-પત્ની તરફ જોઈને હોઠ વંકાવીને, વિચિત્ર સ્મિત કર્યું અને શબ્દોમાં ભારોભાર કડવાશ ઘોળીને પૂછ્યું, 'સુંદર હશે કેમ?'

'હા સાહેબ, બહુ જ સુંદર, પરી જેવી. સાવ નિર્દોષ છે સાહેબ અમારી ગીતા. 'ગીતાના બાપની આંસુથી ચમકતી આંખોમાં થોડી વધારે ચમક આવી ગઈ.

'હં..., પરી જેવી! ગુમ ક્યાં થઈ જાય? ભાગી ગઈ હશે ક્યાંક. આજકાલ નિર્દોષ તો કોઈ હોતું જ નથી.'

'પણ સાહેબ...' ઈન્સ્પેક્ટરની ડારો દેતી આંખોએ ગીતાના બાપને આગળ બોલવા ન દીધો. ચૌધરી સાહેબે તિરસ્કાર ભરેલી નજરથી આ અસહાય લાગતા યુગલ તરફ જોયું અને આળસ મરડતાં મરડતાં બોલ્યા, 'જાઓ, પહેલાં તપાસ કરો. એના કોઈ આશિક સાથે ભાગી ગઈ હશે.'

ડૂસકું દબાવતી ગીતાની મા બોલી,

'પણ સાહેબ, અમારી ગીતા તો હજુ પાંચ જ વર્ષની છે.'

**ગિરિમા ઘારેખાન**

# ગૌરીશંકર માસ્તર

એનું એ ગામ ને એની એ નિશાળ અને એના એ જ ગૌરશંકર માસ્તર આજકાલ કરતાં કેટલાંય વર્ષોથી વફાદારીપૂર્વક ત્યાં કામ કરી રહ્યા છે. સમય કાંઈ કોઈને માટે થોડો જ થોભે છે? ગૌરીશંકર પહેલવહેલાં આ નિશાળમાં માસ્તર થઈને આવ્યા ત્યારે તેમના હૃદયમાં કેવો ઉમળકો હતો! તેમનું સુદૃઢ શરીર, એમની પ્રફુલ્લિત ક્રાંતિ, એમનં ભાષા પરનું પ્રભુત્વ, ને બોલવાની છટા અને એમનું વ્યક્તિત્વ કોઈનેય આંજી દે એવું. બાપદાદાના વખતથી ગોરપદું જ ચાલતું આવેલું તે ગૌરશંકરે નોકરી સ્વીકારી ત્યારે કુટુંબમાંય ફેરફાર થયો. ગૌરીશંકરના બાપને આનો રંજ ન હતો. આમેય ગોરપદામાં બહુ આવક ન હતી અને આટલું ભણ્યો તો નોકરી કરે તો મહિને દહાડે બાંધ્યો પગાર આવે ને પછી કોઈ ચિંતા ન રહે કરી એને નોકરી લેવડાવી, અને એ શિક્ષક બનતાં પિતાપુત્ર બંનેને ગૌરવ જેવું લાગ્યું. એ તો પ્રામાણિક સેવાની જિંદગી. વિદ્યાદાન એ તો સર્વોત્તમ દાન, આપતાં વધે અને છોકરાં ભણીગણી આગળ આવે તે માસ્તરને જ પ્રતાપે ને? એ વાતે બંનેને આનંદ હતો ને આવી સારી માસ્તરની નોકરી મળવા બદલ પ્રભુનો પાડ માન્યો હતો.

ગૌરશંકરને નોકરી મળી એટલે એમને માટે બાપુજીએ તરત સારાં કપડાં સિવડાવ્યાં. પગમાં પહેરવાને જોડાં પણ લઈ આપ્યા જોકે અત્યાર સુધી એમણે તો કોઈ વાર તે પહેર્યાં ન હતા. નોકરી કરવા થોડું જ ઉઘાડે પગે જવાય છે?

નિશાળમાં ગૌરીશંકર પહેલી વાર ગયા ને એક વર્ગમાં એમને જવાનું કહેવામાં આવ્યું. તે દિવસ હજુ એમના સ્મૃતિપટ પરથી ભૂંસાયો નથી. એક વર્ગમાં ચાળીસ, પચાસ જેટલાં તોફાની છોકરાં ભરેલાં. કોઈ ઘાંટા પાડે, કોઈ લડે, કોઈ મોટેથી કવિતા ગાય ત્યારે કોઈ તો માસ્તરની ખુરશી પર બેસીને ટેબલ પર હાથ પછાડતો હોય. આ બધું જોઈને ગૌરીશંકરને નવાઈ લાગી ને ગભરામણ પણ થઈ. પોતે તો થોડાં છોકરાં ભેગું ભણેલા ને કોઈએ આવું તોફાન કરતા નહિ, પણ આ તો વધારે છોકરાં છે એટલે આવું હશે એમ એમણે માન્યું. મનમાં થયુંય ખરું કે બેત્રણ છોકરાની મા છોકરાં તોફાન કરે તો કંટાળી જાય છે ને આ અહીં તો અગિયારથી તે પાંચ સુધી પચાસ પચાસ અવો અથવા એથીય વધુ તોફાની ભર્યાં છે તે શાંત પણ કેમ રહેશે? એમણે વર્ગમાં પગ મૂક્યો ને બધાં તરત તો શાંત થયા. પણ દરેકના મોઢા પર અવનવા ભાવ, કુતૂહલતા, તોફાન કરવાની વૃત્તિ, દેખાઈ આવતાં. ગૌરીશંકરે સરસ વાર્તા કહેવા માંડી ને બધાં તલ્લીન થઈ સાંભળવા લાગ્યાં. છોકરાંઓને નવા માસ્તર, તરફ ભાવની લાગણી જન્મી. આ એમનો પહેલા દિવસનો અનુભવ અને ત્યારથી રોજ ગૌરશંકરને નિશાળમાં ને વિદ્યાર્થીમાં અવનવો રસ પડવા લાગ્યો. રોજ વહેલા આવી અગિયાર વાગવાને થોડી વાર હોય તે પહેલાં છજામાં ઊભાં ઊભાં છોકરાંને નિશાળમાં આવતાં જોતાં. જાણે ઘણાં છોકરાં પોતાની મા પાસે મોં

ધોવડાવી, માથું ઓળાવી, આંખમાં કાજળ અંજાવીને આવતાં; કેટલાંય મા-બાપની ઊગતી આશાઓના પ્રતીકસમાં નાનાં મોટાં બાળકો ઝોળી, દફ્તર લઈને આવવા માંડતાં. કોઈ ગાતું ગાતું આવતું તો કોઈ મોડું થઈ જશે એ બીકે દોડતું આવતું તો કોઈ વળી નિશાળમાં જવાના અણગમાને લીધે આંખમાં આંસુ સાથે પાણ આવતું દેખાતું. આ બધા ભવિષ્યના નાગરિકો જોવાનું માસ્તરને ગમતું. પણ તેથી પણ વધારે સાંજે પાંચ વાગ્યાનો ઘંટ થતાં એ બાળકોને પાછાં ઘર તરફ જતાં જોવાની એમને વધારે મઝા પડતી. નિશાળ છૂટે ત્યારે પણ એ છજામાં આવીને ઊભા રહેતા. છોકરાં ઘેર જવાના રઘવાટમાં દોડતાં. એમનાં કપડાં મેલાં થઈ ગયાં હોય, વાળ વિખરાઈ ગયા હોય, હાથ-પગ સ્વચ્છ થયા હોય, કંટાળેલું મુખ હોય, પણ તોય ઘેર જવાનો આનંદ કંઈ ઢાંક્યો રહેતો ન હતો; એ તો સૌના મુખ પર તરવરતો હતો. જાણે પક્ષીનો પાંજરામાં પૂરીને છોડી દીધું હોય તેમ બધાં કિલકિલાટ કરતાં, ગમ્મત કરતાં, વળી હાથમાંની ઝોળી, દફ્તર હલાવતાં નાના નાના પગથી જાણે એકબીજા જોડે હરીફાઈ કરતાં ન હોય તેમ દોડવા માંડતાં; ખભે ભેરવેલી ઝોળી કે હાથમાં લીધેલું દફ્તર બધાનો ભાર પણ ઘેર જવાની ખુશાલીમાં હળવો બની જતો.

ને આમ રોજ રોજ જોતાં જોતાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં, પણ માસ્તર બજુ એ જોતાં થાક્યા કે કંટાળ્યા ન હતા. અનેક નવાં નવાં છોકરાં નિશાળમાં દાખલ થતાં ને ભણીગણીને નિશાળ છોડી પણ જતાં. ગામમાં રહ્યા તે તો કોઈ કોઈ વાર મળતાં તો તેમની ખબર પડતી, પણ કેટલાં તો પરગામ પણ જતાં રહ્યાં હતાં. મોટાં થયાં હશે, એ શું શું કરતાં હશે, માસ્તરને સંભારતાં હશે કે ભૂલી ગયાં હશે એવા વિચારો ગૌરીશંકરને ઘણીએ વાર આવતા.

હવે તો એમની પોતાની ઉંમરે થઈ હતી, પણ ધોળા થયા હતા. આંખોનું તેજ પણ પહેલાં જેવું ન હતું; પણ છોકરાં ભણાવવાનો ઉત્સાહ ઓછો થયો ન હતો. રોજ હાજરી પૂરતા તે બધાં નામો લગભગ એમને મોઢે જ થઈ ગયાં હતાં. ને રાત્રે જેમ જેમ માળા જપતાં ભગવાનનું નામ દઈએ છીએ તેમ રોજ રાત્રે એમને એક પછી એક હાજરીપત્રક પ્રમાણે નામ સાંભરતાં ને એ નામ યાદ આવતાંની સાથે જ તોફાની, નિર્દોષ, પ્રફુલ્લિત ચહેરાઓ એમની આંખ સામે એક પછી એક જાણે ખડા થતા. આ બધામાં એમને એક જયંતી ઘણી વાર યાદ આવતો. કદાચ એ વધારે બુદ્ધિશાળી, ચતુર ચાલાક ને સૌમ્ય દેખાતો હતો તેથી હોય, કે બહુ તોફાની હતો તેથી હોય, પણ એ ઘણી વાર સાંભરતો. હંમેશાં જયંતીની આંખોમાં કંઈક તોફાનની આગાહી હોય જ. ઘણી વાર શિક્ષક વર્ગમાં આવી જાય પછી એ દાખલ થતો અને શિક્ષક જરા ચીઢાઈને એની સામું જુએ કે હસતાં હસતાં બે હાથ જોડી 'સાહેબ, જેશી કષ્ણ' કહેતો. અને માસ્તરને હસવું રોકી રાખવું ભારે થઈ પડતું. કોઈ વાર વચ્ચે વચ્ચે મોટેથી બોલતો અને ધ્યાન ન આપતો હોય ત્યારે તે પકડાતો. કોઈ વાર એની પજવણી બહુ વધતી, પણ ગૌરીશંકર માસ્તરને તો એવાં ફૂલ જેવાં બાળકો ઉપર હાથ ઉપાડવો ગમતો નહિ ને તેથી

જ્યારે તોફાન કરતાં પકડાતો ત્યારે તેને છેક છેલ્લે ભીંત પાસે ઊભેલો રાખવામાં આવતો. પછી પણ ઘણુંખરું એ તોફાન કરતો અને એ ભીંત પાસે ઊભા રહેવાની એની લગભગ કાયમની જ જગા થઈ ગઈ હતી. એક વાર તો પાટિયા પર કશુ ઠઠ્ઠાચિત્ર પાડતાં પકડાયો હતો ને માસ્તરે એને નાની 'રિસેસ'માં પોતાની પાસે બોલાવ્યો હતો અને એને શિખામણ આપવા માંડી હતી. ''ભાઈ જયંતી તારો શો વિચાર છે? આવો બુદ્ધિશાળી છોકરો છે, ને તું જો બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરે તો કેટલો આગળ આવે? એમ તને જોઈને મને થયા કરે છે. તારા પિતાએ આટલું ભણીને આવી મોટી સરકારી નોકરી મેળવી ને તું નહિ ભણે તો બધાને કેવું લાગશે? તું નહિ ભણે તો શું કરીશ? હું તને કંઈ જ શિક્ષા કરવાનો નથી, પણ હું તને એટલું જ કહીશ કે તારી રીતભાત મને પસંદ નથી.'' અને જયંતીના મુખ પરના તે વખતના ભાવ જે બદલાયા હતા તે હજુ માસ્તરને દેખાતા હતા. માસ્તરની સામું જોઈને જયંતીની આંખમાં આંસુ આવી ગયાં હતાં, ને નાના નાના હાથ જોડીને તે બોલ્યો હતો, ''સાહેબ, મારી ભૂલ થઈ. હવે હું ભણવામાં બરાબર ધ્યાન આપીશ.'' તે પછી જયંતી ખરેખર બદલાઈ ગયો હતો. વર્ગમાં આગળ નંબરે પાસ થતો અને એ પણ અનેક વિદ્યાર્થીઓની પેઠે નિશાળનું ભણતર પૂરું કરી ચાલી ગયો હતો; ને હવે તો મોટો થઈ પરવારીને કંઈ ગોઠવાઈ પણ ગયો હશે, પણ માસ્તરને તો એના નાનપણના ચહેરાની છાપ ઊંડી પડી ગઈ હતી. આમ કેટલાંય છોકરાં માસ્તર પાસે ભણી ગયા અને તેમનાંય છોકરાં માસ્તર પાસે ભણતાં. વળી કેટલાક તો છોકરાંના છોકરાંનાં છોકરાં નિશાળમાં દાખલ થયાં હતાં. આમ ત્રણ ત્રણ પેઢીના ગૌરીશંકર માસ્તર થયા હતા, ને એમની સામે એ છોકરાંનાં મોઢાં જોતાં તેમની બાપની મુખાકૃતિઓ ખડી થતી. અરે કેટલીક વાર તો ભૂલથી છોકરાંને એના બાપના નામથી બોલાવતા ને આખો વર્ગ હસી પડતો.

હવે ગામના ઘણાય લોકો માસ્તરને પોતાનાં છોકરાંને 'ટ્યુશન' આપવા બોલાવતા, પણ માસ્તર તો બધાંને એની ના જ પાડતા. 'ના ભાઈ, મારી પાસે મોકલજોને, હું શિખવાડીશ; પણ મારે એના પૈસા ન ખપે. એ ભણીગણીને આગળ આવે એટલે મારું શીખવ્યું પ્રમાણ. બાકી મારે બીજું કંઈ મહેનતાણું ન ખપે. ભણાવવું તે તો મારી ફરજ છે. વિદ્યા આપવી એ તો મારો ધર્મ માનું છું. માટે જે આવશે તેને હું ભણાવીશ.'' એમ કહેતા અને કોઈ પણ વિદ્યાર્થી કંઈ પણ પૂછવા જાય તો પોતાનું કામ પડતું મૂકી દિવસે અને રાત પડે તો રાતે પણ ભણાવતા.

હવે તો માસ્તરનો પોતાનો દીકરો પણ મોટો થયો હતો. માસ્તરે પોતે એને ભણાવીને પાસેના શહેરમાં મોકલાવ્યો હતો. કેવશ હવે તો મોટા દફ્તરનો કમ્પાઉન્ડર બન્યો હતો. જોકે ગામમાં તો બધાંને પોતે દફ્તર છે એમ જ કહેતો. એ ગામમાં આવી માસ્તરને સમજાવતો. ''જુઓ બાપા, હવે તમારી ઉંમર થઈ, ને હું કમાઉં છું તો પછી તમે શું કામ હજુ નોકરી કર્યા કરો છો? હવે બહુ વર્ષ તમે નોકરી કરી; ચાલો, હવે મારી સાથે. ખરું કહુ તો બાપા, હવે હું દાક્તર થયો અને તમે, બાપા, માસ્તર કહેવાઓ તે

સારું ન દેખાય.'' આ સાંભળતાં જ ગૌરીશંકરના મોઢા પરની કરચલી તંગ થતી. એમનો સ્વભાવ શાંત હતો. છતાં આ સાંભળી રોષ દેખાઈ આવતો, અને એમની આટલી ઉમદા શિક્ષકની નોકરીને પોતાનો જ છોકરો ઉતારી પાડે એ વાતે બહુ જીવ બળતો. ''કેશુ, મને તો આમાં જ આનંદ પડે છે. મારી પાસે તો કેટલાંય છોકરાં ભણીને ઊંચે આવ્યા; પણ તને જો તારા બાપ માસ્તર છે એથી શરમ આવતી હોય તો તું આ ગામમાં જ ન આવીશ. હું તારી ખબર કાઢવા રજા પડશે ત્યારે આવી જઈશ; પણ કેશુ, માસ્તરની નોકરી એ તો ઘણી ઉમદા છે. એમાં શરમ શી? તું કેમ એ સમજતો નથી?'' એમ માસ્તર બોલી જતા. કેશુ વધારે બોલી ન શકતો પણ એને કોઈ એમ કહે કે 'તું માસ્તરનો દીકરો ને?' તો એને એ રીતે ઓળખાવા બદલ ખરે જ માનહાનિ લાગતી.

એક વાર ગૌરશંકર માસ્તરને બીજે ગામ દર્શનાર્થે જવાનું મન થયું ને એ કેશુને સાથે લઈ નીકળી પડ્યા. ગાડીમાં જતા હતા ત્યાં કેશુએ લાગ જોઈ વાત શરૂ કરી. ''બાપુ, હવે ક્યાં સુધી છોકરાં ભણાવ ભણાવ કરવાં છે? મારી જોડે રહેવા ચાલોને?'' એટલામાં વાત અધૂરી રહી ને સ્ટેશન આવ્યું. ગાડી અટકી. પ્લૅટફૉર્મ પર પોલીસો, અમલદારો, મોટા મોટા માણસો. કોઈ કોઈ હાર ગોટા સાથે કોઈ કૅમેરા સાથે એમ બધા ઊભેલા દેખાયા. કેશુ શું છે તે જોવા નીચે ઊતર્યો. માસ્તરે અંદર બેઠે બેઠે જ પૂછ્યું, 'કોણ આવવાનું છે, કેશુ?' કેશુએ કોઈને પૂછીને જવાબ આપ્યો, ''બાપા જોડેના ડબ્બામાંથી કોઈ નવા કલેક્ટર ઊતરે છે.'' માસ્તર કંઈક કુતૂહલવૃત્તિથી જોવા નીચે ઊતર્યા, ને જોડેના ડબ્બામાંથી બહાર ઊતરેલા કલેક્ટર – જેમને બધા હાર પહેરાવતા હતા – તેમને જોવા લાગ્યા, પણ આ શું? થોડી વાર માસ્તર સામું જોઈને કલેક્ટર એમની પાસે આવી પહોંચ્યા અને આટલા લોકો વચ્ચે નીચા નમીને માસ્તરને પગે લાગ્યા : 'સાહેબ, તમે અહીં ક્યાંથી? મને ના ઓળખ્યો? આટલા વર્ષે શાનો યાદ હોય? હું તમારી ભીંત આગળ ઊભો રહેનારો વિદ્યાર્થી જયંતી સાહેબ. તમારી કૃપા અને આશીર્વાદથી આટલે ઊંચે આવ્યો છું.'' ગૌરીશંકર માસ્તરે હર્ષાશ્રુ સાથે કોટ પાટલુન પહેરેલા જયંતીને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. એટલામાં ગાડીની સિસોટી વાગી ને ગૌરશંકર માસ્તર ગાડીમાં બેસી ગયા. ગાડી ઊપડી. માસ્તરે ધોતિયાના છેડાથી આંખના આંસુ લૂછતાં લૂછતાં પૂછ્યું, ''કેશુ, ભાઈ હવે તારા બાપ માસ્તર છે, તેની તને શરમ આવશે?''

**મહાશ્વેતા પંડ્યા**

# મારી રામ કહાણી

ન ગુજાર સિતમ આટલો, મારા જીવનમાં આધાર
તું તો મારો પ્રાણવલ્લભ કાં છોડે મને મઝધાર?
આમ બબડતી હતી હું, ત્યાં સખી એક આવી
'શું જીજુ સાથે ઝગડો થયો?' ચિંતા બતાવી
'તબિયત તો સારી'? તેણે હાથ મારા માથે મૂક્યો
'અરે, હું તો ઘોડા જેવી.' તેણે રાહતનો દમ ખેંચ્યો
તો પછી આ વલોપાત શાને? આંખે પાંપણના
તોરણ શાને?
શું કરું સખી? કોને કહું મારા દુઃખની કથા?
આ અસાર સંસારમાં કોણ સમજશે મારી વ્યથા?
સખી ઉવાચઃ મારાથી છુપાવે શાને તારું વીતક?
આપણે તો એક ડાળના પંખી; સખીથી આ શી
ઝીઝક?
'જીજાને હું સમજાવું, ન માને તો બહુ દબડાવું'
અરે ના, સાંભળ સખી! મારા દુઃખની કહાણી
આ તો છે ઘાટીદેવની ઘરઘરની રામકહાણી
પતિદેવનો પ્રોબ્લેમ હોય તો કીટી પાર્ટીમાં કૂથલી કરું
'અમારા એ'...નો ભર્યા બજારમાં ઢંઢેરો પીટું
સાસુની ટક ટક હોય તો પાડોશીને કહેતી ફરું
ગલી ગલી, ચોરે ચૌટે મારું દુઃખ રોતી ફરું
પણ હારે કિસ્મત! આ તો કામવાળાની વાત
સ...સ...! ધીરે બોલો, દીવાલને પણ હોય છે કાન
અરે તે જાય તો હું જીતું કેમ?
આ ઘર તારું; છોડીને જાય જ કેમ?
કહે તો તારો પગાર વધારીએ,
કહે તો ડી.ટી.એચ. લગાવીએ
સવારની ચા સાથે ગરમ નાસ્તો પીરસું
લેટેસ્ટ ફેશનનાં કપડાં અપાવું
મારી અંધિયાર જિંદગીના ઉજાસ!
તારા પર નિર્ભર મારાં સુખ તમામ
ન ગુજાર સિતમ આટલો, મારા જીવનના આધાર
તું તો મારો પ્રાણપ્રિય, કાં છોડ મને મઝધાર?

**શીતલ દેસાઈ**



# બે પ્રસંગો

શ્રી જયસુખલાલ હાથી, મારા પિતાશ્રી શ્રી વિશ્વનાથ હાથીના પિતરાઈ ભાઈ થાય. બંનેના જીવનમાં એક સામ્ય. બંને સતર વર્ષ શિક્ષક રહ્યા. શ્રી જયસુખભાઈ, શ્રી ઢેબરભાઈના પરિચયમાં આવ્યા અને પોલિટિક્સમાં આવ્યા અને એક બિનવિવાદાસ્પદ વ્યક્તિ એટલે ઈન્દિરા ગાંધી અને મોરારજી દેસાઈની મિનિસ્ટ્રીમાં મિનિસ્ટર રહ્યા અને પંજાબના ગવર્નર તરીકે નિવૃત્ત થયા. મારા પિતાશ્રી દ્વિભાષી મુંબઈ રાજ્યના અંડર સેક્રેટરી તરીકે નિવૃત્ત થયા. નીચેના બે પ્રસંગો શ્રી જયસુખભાઈની બુદ્ધિમતા, હાજર જવાબી અને દુરંદેશી દર્શાવતા છે.

એક દિવસ, જામનગર બંદરે બ્રિટનની મોટી સ્ટીમર આવેલી અને તેને બહારથી જોવા માટે લોકોનાં ટોળાં ઊમટતાં. ત્યારે એક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને સ્ટીમર અંદરથી જોવાની ઇચ્છા થઈ, પણ કોઈની ભલામણ ચિઠ્ઠી વગર કોઈ જવા દે નહીં. શ્રી જયસુખભાઈ શાળામાં સ્કાઉટ માસ્ટર હતા. તેમની પણ સ્ટીમર અંદરથી જોવાની ઇચ્છા હતી. તેમણે તેમની બુદ્ધિશક્તિનો ઉપયોગ કરી, દશથી પંદર વિદ્યાર્થીઓને સ્કાઉટનો ડ્રેસ પહેરી આવવા કહ્યું. પોતે પણ સ્કાઉટ માસ્તરના ફૂલ ડ્રેસમાં (કેપ, ટાઈ, શર્ટ વ. પહેરીને સ્ટીમરના તૂતક ઉપર આંટા મારતા અંગ્રેજ કેપ્ટનને સેલ્યુટ કરી, હાથ મિલાવીને કહ્યું કે, 'I am scout master of so & so school & my boys have never seen steamer, so I request you to please allow us to see the steamer from inside.'

તેમની વર્તણૂક અને વાગ્છટાથી કેપ્ટન એકદમ પ્રભાવીત થઈ ગાય અને કહ્યું કે 'Well blus. why not?' ચાલો મારી સાથે ને આખી સ્ટીમર અંદરથી બતાવી. બહાર નીકળ્યા પછી બધા ખુશ થઈ ગયા ત્યારે તેમણે કહ્યુ કે બંદાએ પણ ક્યાં અંદરથી સ્ટીમર જોયેલી? આવી હતી તેમની દૂરંદેશી અને મુત્સદ્દીગીરી. એક બીજો પ્રસંગ, રાજકોટમાં રણજી ટ્રૉફીની મૅચ રમાય. મારા પિતાશ્રીને ક્રિકેટનો બહુ શોખ. મૅચ તો જોવી હતી, પણ ટિકિટની વ્યવસ્થા કેમ કરવી? તેમણે શ્રી જયસુખભાઈને વાત કરી. તો કહે આ કંઈ અઘરી વાત છે? તેમણે રજવાડી ડ્રેસ પહેર્યો અને પિતાશ્રીને પણ એવો જ ડ્રેસ પહેરીને આવવા કહ્યું. ગ્રાઉન્ડ પર પહોંચ્યા. ગેટ ઉપર ઊભેલ વ્યક્તિને પોતે જામનગર સ્ટેટના દીવાન તરીકે ઓળખ આપી. રજવાડી ડ્રેસમાં હોય એટલે પૂછપરછ કોણ કરે? પિતાશ્રીની ઓળખાણ પણ કંઈ એવી જ આપી અને આખી મેચ જોઈ. આ તેમની દૂરંદેશી અને મુત્સદ્દીગીરીનો બીજો દાખલો.

(શ્રી વી. ડી. હાથીની સ્મૃતિગાથા ''ગૌરવનું ગુરુશિખર''માંથી)

**જયંત હાથી**

# આપણો સ્ત્રીનો અવતાર

સાસુજીએ હળવેથી કહ્યું: ''અરે ઘેલી, આ સીડી પકડ. હું માળિયું સાફ કરી લઉં. આપણા બેયની લગભગ સરખી હાઈટ છે, પણ મારો ભાર તું યુવાન ઊંચકી શકે, તારો હું.. જોખમ.''

સાસુની હું લાડકી હતી. મને ઘેલી, ચક્કરથી માંડી સુષ્મા સ્વરાજ, જગદંબા, કાંઈ પણ સંબોધન કરતાં. દિવાળી નજીક આવતી હોઈ અમે ઘર સાફ કરતાં હતાં. હું એક ઉચ્ચ હોદ્દો શોભાવતી MBA યુવતી છું. આજે રજા લીધેલી. સાસુ સિનિયર સિટિઝન થવાને આરે છે અને મને ઘરકામમાં ખૂબ મદદ કરે છે.

મેં સીડી પકડી. સાસુજીએ માળિયેથી ધૂળ ખંખેરી એક જૂની, કદાચ મારા પતિના જન્મ પહેલાંની લોખંડની ''ટ્રંક'' કાઢી, એમાંની ચીજો ઠીકઠાક કરી, લુછી, મૂકી. એમાં તો સાસુ પરણીને આવ્યાં ત્યારનો રામણ દીવડો, અમે બેય પરણીને આવેલાં ત્યારની અમારા પતિઓ સાથે બાંધેલી છેડાછેડી, ચૂંદડીઓ, એક બૉક્સમાં જૂનાં વાસણો ને એવું હતું.

''આ બધાનું એક પ્રાઈવેટ મ્યુઝિયમ કરવું જોઈએ. ગુજરાતી સ્ત્રીઓ એક સદીથી આજ સુધી'' મેં કહ્યું. સાસુજીનો લગ્ન વખતનો જ્યોર્જેટ સાડીમાં ફોટો હતો. બહુ સુંદર લાગતાં હતાં. મેં વખાણ કર્યાં. સાસુજી કહે કે ''આજકાલની વહુઓ કરતાં સાસુ નજર નાખવી ગમે એવી વધુ હોય છે.''

એ તો વ્યવસ્થિત દેખાવાનું ભાન થયું એટલે. બાકી મારી સાસુ ને એની સાસુ પણ સારાં જ લાગતાં. કોઈ પ્રસંગે અમારી જાણે કે સૌંદર્યસ્પર્ધા થતી. મારી સાસુ ને ખાસ તો એની પણ સાસુ એકદમ રૂપાળાં હતાં. તમને ક્યાંથી ખબર, તમે એને જોયાં છે?'' મેં પૂછ્યું.

સાસુ કહે, ''એમના સસરાની, જેઠની લાજ કાઢતી, લાંબા ચોટલાનો અંબોડો બાંધતી, ઘૂમટામાં મોં ઢાંકતી, મારી સાસુ તો જોઈ છે. એનો વહાલ, ગુસ્સો, હુકમો બધું જોયું છે. એમની સાસુનો પણ ફોટો છે. જોઉં, આપણા આ પ્રાઈવેટ મ્યુઝિયમમાં મળે તો.''

સાસુજીએ એક નાની બૅગ ઉતારી. કેટલાક ૬૦ કે ૭૦ વર્ષ જૂના ફોટા કાઢ્યા. એકદમ એમની આંખો ચમકી. કહે, લે, આ તારી પરદાદી સાસુ.''

મારા સસરાને જૂની વસ્તુઓ સાચવવાનો શોખ હતો. આવી વસ્તુઓ માળિયે રાખતાં. સાસુએ એક માથે ઓઢેલી, મોટો ચાંદલો કરેલી, આંખોમાં કાજળ આંજેલી સુંદર સ્ત્રીનો બ્લેક એન્ડ વ્હાઈટ પીળો પડી ગયેલો ફોટો કાઢયો. સ્ત્રી હસું કે ના હસું એ દ્વિધામાં લાગી. હસે તો ફૂલડાં ઝરે એવી ચોક્કસ લાગે, પણ જાહેરમાં હસવાની એને છૂટ નહીં હોય.

મેં ધારીધારીને એની સામે જોયું. એણે મારી આંખમાં આંખ મિલાવી. માય ગોડ! હું બે ધબકારા ચૂકી ગઈ. એ ખરેખર મારી સામે જોઈ સ્મિત આપતી હતી. એનો પાલવ સહેજ ખસ્યો. જાણે મને આવકારવા ધરતી હોય એવું લાગ્યું. હા. એ ખરેખર મારી સાથે વાત કરવા માગતી હતી. મેં ઊંડો શ્વાસ લઈ, ડર છોડી એમની સાથે વાતનો દોર સાધ્યો.

''પાય લાગું સાસુમા.'' મેં કહ્યું.

''જીવતી રહે દીકરી. ફૂલજે, ફળજે, પણ મેં

સાંભળ્યું તેં મને સાસુમા કહ્યું. તું વહુ છે કે આપણા કુળની દીકરી? ઊંડેથી રણકતો અવાજ આવ્યો.

વહુ. તમારા પૌત્રના દીકરાની પત્ની.

''રાધે કૃષ્ણ રાધે કૃષ્ણ. આ પહેરવેશ શું છે બેટા, આ મેં ફોટામાં જોયેલા વિલાયતી ભાયડાઓ જેવું શું પહેર્યું છે?''

''બા, એને જીન્સ અને ટી શર્ટ કહેવાય. ઘરમાં કામ કરવામાં ફ્રી રહેવાય.''

''હેં, ફ્રી એટલે શું?''

''મુક્ત. કામકાજમાં અડચણ ના પડે એવું.''

બળ્યો આપણો આ સ્ત્રીનો અવતાર. આપણે ચૂલા જ ફૂંકવાના ને? કામ એટલે ચાર દીવાલો વચ્ચે સતત કામ. શ્વાસથી પણ ઝડપથી બધું આટોપવાનું. પોખાઈને બારણામાં પગ મૂકીએ ત્યાંથી ઠાઠડીમાં વીંટાઈ બહાર નીકળીએ ત્યાં સુધી કામ સિવાય કશું કરી શકીએ છીએ?''

''બા, ઘરનું કામ તો ખરું જ. તે ઉપરાંત હું તો એક કચેરીમાં ઊંચા હોદ્દા પર છું. મારા હાથ નીચે ૩૦૦ સ્ત્રી-પુરુષો કામ કરે છે.''

''આ નવું. આપણે બૈરાં બહાર કામ કરવા જઈએ, તો આપણા .. કુળના ભાયડાઓ શુ કરે છે.''

''બા, બધાં જ કામ કરીએ. આ ૨૦૧૮ની સાલ છે. સાથે કમાઈએ, સાથે ખાઈએ. હા, આપણા .. કુળમાં બધાં સાથે જ, સંપથી રહીએ છીએ. બીજે તો કોઈ માબાપને ઘેર મહેમાનની જેમ. જવું હોય તો જાય, પડી પણ ન હોય. મને તો તમારી પૌત્રવધૂ, મારી સાસુની ખૂબ હેલ્પ છે.''

''બેટા, પૌત્રવધૂ અને હેલ્પ એટલે શું?''

''પૌત્રવધૂ એટલે દીકરાના દીકરાની વહુ. હેલ્પ એટલે મદદ. અંગ્રેજી શબ્દ છે.

''હું હેલ્પ અને પુત્રવધૂ બેયનો અર્થ જાણું છું. આ તો કટાક્ષ, એ વખતે ઘૂમટામાં છુપાઈ, ઘરમાં ખૂણે ભરાઈ સતત ઊંચે શ્વાસે કામ કરતી મને કોઈ મદદ કરે અને એ પણ સાસુ - એ વિચારી જ શકાતું નહીં. મારી પૂરી જિંદગી ઢસરડા કરવામાં જ ગઈ. મારી પેઢીની બધી જ સ્ત્રીઓની! અમે વહુ આવે એટલે એની ઉપર હકૂમત ચલાવીએ. હું તો એ પણ નહોતી કરતી. બિચારી ઘોડિયામાંથી નીકળી પાંચીકે રમતી થઈ હોય ત્યાં હાથ પીળા થઈ જાય ને જાય પારકે ઘેર. બહાર કામ કરી શકાય. ખૂબ આગળ ભણી શકાય, એ કોઈ વિચારતું જ નહીં!''

''તે બા, તમે કઈ સાલમાં આ ઘરમાં આવ્યાં હતાં?''

''બેટા, ૧૯૦૮માં. પરણીને આવી ત્યારે હું ૧૫ વર્ષની હતી. ખાસ્સાં ૭૦ વરસ જીવી. એટલેકે આ ઘરમાં પૂરાં ૫૫ વર્ષ. એ વખતે એટલું ઘણું લાબું જીવ્યું ગણાતું! ૫૦ તો બસ થઈ ગયાં. કામ કરતાં, હુકમો ઉઠાવતાં, દોડાદોડી કરતાં, વહુઓને નાછૂટકે હુકમો કરતાં, છોકરાં જણતાં, એનાં છોકરાંને રમાડતાં ને ૪૮ ઉપર જઈએ ત્યાં રાધે કૃષ્ણ ભજવાના. જિંદગી પૂરી! સ્ત્રીનો અવતાર પૂરો!

તારો તો સાવ અલગ જાતનો સ્ત્રી અવતાર લાગે છે. આશરે એક સદી પછી... પણ બેટા તું... કોણ?

''બા, તમારા દીકરાના દીકરાના દીકરાની વહુ.''

''ઠીક. સમજી. મારો દીકરો... ૧૯૦૯માં, એને ઘેર પારણું બંધાયું ૧૯૩૭માં, એનો દીકરો.. ને

લે, એનું ઘર?.. મનાતું નથી. ખુશી છે ...કુળ, જેની હું વહુ હતી, હજી એવું જ હર્યું ભર્યું છે, જેવું મેં બનાવવા માગેલું!''

''હજી આજે પણ કુળમાં સહુ એમ જ રહે છે. મારી સાસુ એટલે કે તમારા પૌત્રની પત્નીની મને સતત મદદ છે. એટલે તો આ મોટી જવાબદારીની નોકરી અને ઘર સચવાય છે.

''આ તેં સાસુ મદદ કરે છે કહ્યું, ભલું થાઓ મારી ત્રીજી પેઢીની વહુનું. અમે તો ગભરાતાં, ફફડતાં ૧૮ માણસોનાં વસ્તારી કુટુંબમાં કામ કરતાં. દોડાદોડી, એક ઘડી પોરો ખાવા મળે નહીં. મેં તો મારી વહુને રાહત આપેલી. બિચારીએ મેં ભોગવ્યું એવું ના ભોગવવું પડે.''

''૧૮ માણસો એક ઘરમાં? કેવી રીતે મૅનેજ થતું? હવે મારે સભાનપણે અંગ્રેજી શબ્દો એવોઇડ કરવા જોઈએ. બાની પેઢી અંગ્રેજો વચ્ચે ઊછરેલી, પણ માતૃભાષામાં શબ્દો એમને ગોતવા પડતા નહીં. બા ને તો અંગ્રેજી સમજાતું નહીં હોય.

''બેટા, મૅનેજ કરી લેતી. માથે પડે એટલે આવડી જાય. એક્સપિરિયન્સ. આપણાં ફેમિલીમાં મારા સસરાને ૬ સન, ૪ ડોટર હતી. એ સહુથી મોટા. બે દિયરના પછી મેરેજ થયાં. મારાં ૫ ચિલ્ડ્રન, દિયરનાં ૩. લે જો, મને અંગ્રેજી આવડે છે હોં?..

''બા એ મારી બાઉન્ડરી. ''

હું આમેય ડઘાઈ ગયેલી. વડ વડ સાસુને અંગ્રેજીમાં ''ફાડતી'' જોઈ મારી બોલતી બંધ થઈ ગઈ. વડ વડ સાસુએ મને સધિયારો આપ્યો. વહુ, અમે અંગ્રેજી ઘરમાં બોલાતું સમજતાં! મને અંગ્રેજી પણ આવડે, ગુજરાતી પણ ને મારાં સાસુ, સસરાને એની ૩ પેઢી પહેલાં ફારસી પણ આવડતું. મોગલો ને બાદશાહો સાથે પનારો પડતો એટલે. સંસ્કૃત પણ આવડે હોં!

''બા, તે તમારા જમાનામાં તમે કામ જ કર્યે રાખતાં, તે છતાં જશ ના હતો એમ કહ્યું. તો કેવી હતી તમારી જિંદગી?''

''એમ કર દીકરી, તને ૧૯૦૮માં જ લઈ જાઉં. બધું આ ડોશી લવારો કરી જાય એના કરતાં એ જીવતી સ્ત્રી અવતારની જિંદગી જોઈ લે. આંખ બંધ કર.

''મેં આંખ બંધ કરી. હું ઊંડી ઊતરતી હોઉં એવું લાગ્યું. ફરી આંખ ખોલી. હું એક ખોરડામાં ઊભી હતી. ડેલીબંધ ઘર. આખી બાંયનું બ્લાઉઝ જેવું કંઈક અને લાલ કોરવાળી ક્રીમ જેવી સાડી પહેરી એક ૨૦ વર્ષ આસપાસની સ્ત્રી પથ્થરનાં બે પૈડાં એક હાથથી ચલાવતી હતી. બાજુમાં નહાવાની ડોલ કાપી અંદર કોલસા સળગતા હતા, ઉપર જ્વાળાઓ પર પિત્તળનું વાસણ બૂડબૂડ અવાજ કરતું હતું. થોડે દૂર એક આડા પથ્થર પર બે ઘડા પડેલા. ત્રણ પાયાની ઘોડી પર ત્રાંબાનું કોઈ વાસણ નીચે આગ સળગાવેલું પડેલું. બાજુમાં એક નાનું નીચેથી નાગું બાળક એક ગોદડી પર રમતું હતું. પેલી સ્ત્રી બોલી, મેં એ સ્વર ઓળખ્યો. આ તો વડ વડ સાસુજી.

''આવ બેટા. આ હું છું. આ પથ્થરનાં બે પૈડાં ઘંટી છે. એમાં આખા કુટુંબનું અનાજ દળાય, આ બે ઘડા પાણીની હેલ કહેવાય. આડો પથ્થર અને નીચે બે ટેકા, વચ્ચે વાસણ રાખવાના ખાડા પાણિયારું કહેવાય. આ ડોલ જેવું છે એ સગડી. એમાં ઉપર કોલસા નાખી નીચેથી આગ પ્રગટાવાય. રસોઈ માટે.''

''રોટલાનો લોટ બંધાઈ ગયો. ૫ માણસોનું નહાવાનું પાણી ગરમ થઈ ગયું સગડીથી.''

''એક પૂંઠાના ટુકડાથી સાસુજીએ સગડીને નીચેથી પવન નાખ્યો. કોલસા સળગતાં વાર લાગે પણ પછી લાંબું ચાલે. સાસુજીએ કહ્યું. મને મારા પાઈપલાઈનના ગૅસનું સ્મરણ થયું.

''હું નસીબદાર છું એટલે સગડી મળી બાકી ચૂલો ફૂંકી ધુમાડામાં આંખો લાલ કરવી પડતી. મારી દેરાણી રસોઈ જુએ છે, સારી છે બિચારી. એનું ધાવણું છોકરું ને મારાં ૩. ચારેય ને બે વહુઓ વચ્ચે સાચવતાં કામ કર્યે જવાનાં. સાસુ છે પણ એ ઊઠે પણ નહીં, ઊઠી શકે પણ નહીં.''

''અરે, આપણું શહેરી ઘર છે. બાકી ગામડાંમાં તો સાસુ ને વહુ બન્નેને સાથે નાનાં છોકરાં. ક્યારેક સાસુ-વહુની સાથે સુવાવડ પણ થાય.''

''સાંભળે છે? કેટલી વાર? મારે કામે જવાનું મોડું થાય છે. એના પતિએ કહ્યું.''

''બસ. પાટલો માંડું એટલી જ વાર.'' સાસુજીએ કહ્યું અને લાકડાનો એક ટુકડો નીચે પાયાવાળો મૂક્યો. ''આને પાટલો કહેવાય. એની ઉપર બેસીને જ જમાય.''

પુરુષ લાકડાની ખીંટીએથી માથે પાઘડી ઉતારી પહેરી બેઠો. એણે ધોતિયું, ખમીસ પહેર્યાં હતાં.

''તારા વડ વડ સસરા. હું મારા બાપની ૫ દીકરીઓમાં ચોથી. લોકો કહે આવડી ભડભાદર દીકરી ઘેર રાખી છે? તો મારા બાપ કહે હા. થોડું વાંચતા લખતાં શીખે, ઘરકામ શીખે પછી જ મુરતિયો ગોતું. ને મેં મારું શીખેલું દીપાવ્યું છે. સવારે ૫ વાગે ઊઠી હું દળવા બેસું, દેરાણી પાણી ભરવા જાય. આ શહેર છે એટલે ૧૫ મિનિટ ચાલતાં કૂવા છે, ગામડે તો કલાક ચાલી વીરડામાં પાણી ભરવાનું. વીરડો એટલે નદીની રેતીમાં ખાડો ખોદી આવતું ખોબો પાણી.

આવીને ફટાફટ રસોઈ કરું. આ બંબો કહેવાય. એમાં પાણી ગરમ કરી નહાવાય. એ લોકો નહાઈ લે એટલે આ પથ્થરને ચોકડી કહેવાય. ત્યાં (એક રમવાના બેટ જેવી ચીજ પર હાથ મૂકતાં) ધોકો લઈ કપડાં ધોવાનાં, ખાળ સાફ કરવાનો. વચ્ચે હવે દેરાણી છે, એટલે છોકરાને હિંચકો નાખે. બાકી ૪ વરસ પહેલાં હું જ કરતી. સાસુ બિચારીએ બહુ કર્યું. હવે પગ વાળી બેસે. હુકમો કરે. ના કરે તો કંઈક રહી જાય. એણે વધુ દિવાળી જોઈ છે. હું એનું ખોટું નથી લગાડતી.''

''ડોબી, આળસુની પીર થઈ ગઈ છે. આ શાક બળી જશે. તારા બાપને ખવરાવશું? સસરો મને ધીબી નાખશે.'' - બિચારી સારી સાસુનાં વચનો કાને પડયાં. મારી વડસાસુ દોડી, સગડી પર શાક હલાવ્યું.

એક બાળક રોયું. વડસાસુએ દોડી હિંચકો નાખ્યો, મોટાં ને જમવા આપ્યું. એને કહ્યું ''બેટા નિશાળનો વખત થઈ જશે. દફતર પાટી પેન લઈ લે

''બહારથી એક ખોંખારો. આખું માથું અને મોં ઢંકાય એવડું વડસાસુએ માથે ઓઢ્યું, એના સસરા ધોતિયું, લાંબો કોટ, પાઘડી પહેરી દાખલ થયા.

''કભારજા, આ ઉકરડા જેવો ઓરડો નથી વાળતી નથી કોઈને કહેતી. બસ બેઠી રહે છે.'' - 'સંસ્કારી' ઘરના વડીલે પુત્રવધૂ સાંભળે એમ સાસુને તડકાવી.

સાસુ યુવાનીમાં ખૂબ કામ ઢસડી કમરેથી ઝૂકી

ગઈ હતી. ઉમર ૪૦ જેવી હશે ,પણ વાર્ધક્ય શરૂ થઈ ગયેલું. યુવાન વડસાસુ દોડીને કચરો વાળવા લાગી. સસરા એ રૂમમાંથી બહાર ગયા એટલે ત્યાં વાળ્યું.

બાજુમાં 'ગધેડીની, એક કામ થતું નથી રાંડથી. ક્યાં મૂક્યું એ?' બૂમો સાથે થપાકનો અવાજ આવ્યો.

વડ સાસુ કહે, ''એનો ધણી એટલે કે પતિ એને મારે છે. ધણી તો મારે જ. મરદ તો જ કહેવાય. આ તો નાની ભૂલ થઈ બાકી એની, બાપડા મરદ પર વીતે તો ક્યાં ઉતારે, અમારી પર. એમ જ મારવાનો એને હક્કછે. ક્યાંક તો ગડદાપાટુ મારવા પણ સહજ થઈ પડયાં છે.

સાંજ પડી. વડ સાસુએ મને જોતા રહેવા કહ્યું. થાળીઓ પીરસાઈ. પુરુષો જમ્યા. હવે સ્ત્રીઓ. જમવાનું ખૂટે એમ લાગ્યું તો એની સાસુ કહે આપણે સ્ત્રીઓએ તો ચલાવી લેવું પડે. થોડું થોડું નાસ્તાથી પણ ઓછું ખાઈ લીધું. વડસાસુ કહે વધે તો વાસી અમે બે વહુઓ જ ખાઈ જઈએ. મને થયું આ કેવું, કામ ઢસડવાનું ને પૂરું ખાવાનું નહીં? રાત પડી. વડ સાસુએ ગાદલાં પાથર્યાં ને પોતે એક ખૂણે ટૂંટિયું વાળી નાનાં બાળકને થાબડતી સૂવા જતી હતી ત્યાં સાસુએ બૂમ પાડી ''અરે ક્યાં મરી ગઈ, આ મારા પગ ખૂબ દુઃખે છે, દબાવતી જા.'' હજુ એ કરે ત્યાં એના પતિ વડ સસરાજી બોલ્યા, આટલી રાત થઈ. કાંઈ વાત કરવી હોય તો આવવાનું કે બસ પોઢી જવાનું.

વડ સાસુ વળી સૂતી, ઓચિંતી ફડકામાં ઊભી થઈ. એના સસરાને પીવા પાણીનો લોટો ભૂલી ગયેલી, જે સસરાના ઢોલિયા પાસે મૂકવા જતાં એણે પોતાનું આગમન સૂચવતો કોઈક અવાજ કર્યો. સસરાએ ખોંખારો ખાઈ સિગ્નલ આપ્યું એટલે મૂકી. વળી ડેલીની ખડકી બંધ કરવા ગઈ.

વળી કહે કે અમને રાતના લઘુશંકા જાવું હોય તોપણ પડ્યા રહેવું પડે. આ તો શહેર છે આંગણાના છેડે સંડાસ છે. ગામડામાં તો એ માટે પણ ૨ કિ.મી ચાલવું પડે. આમ ચાલી ચાલીને જ મારી સાસુ ને બીજી સ્ત્રીઓને ૩૫-૩૮ થતાં તો ઘૂંટણની ઢાંકણી ખરાબ થઈ જાય છે. ૪૫ સુધીમાં કમરેથી વળી જાય છે, પણ ત્યાં વહુ આવી ગઈ હોય.

અમને વરોની આવક ટૂંકી જ લાગતી હોય એટલે માંદાં પડીએ તોપણ હાથવગા ઉપચારો કરીએ. જો વચ્ચેથી મરી ગયાં તો લોકો ચૂંદડી ઓઢીને સૌભાગ્યવંતાં ગયાં કહી વર કોઈ પણ ઉંમરનો હોય, બીજી પરણાવે. એને કોઈક સેવા માટે જોઈએ ને? અમે તો ગયાં તો છૂટ્યાં.

મને કંપારી આવી ગઈ એના માબાપે ૧૩-૧૪ વર્ષે કાયમ માટે વળાવેલી એ લાડલીઓની દશા સાંભળીને અને મૃત્યુ થાય તોપણ સહજતાથી બીજી એની જગ્યા પૂરી લે એ સ્વીકારવાની વાતથી.

''અમને દર બે વર્ષે છોકરાં થાતાં. એટલે કે એક છોકરું ધાવવાનું બંધ કરે કે બીજું રહે. એમાં જે સુરખી ૧૬ વર્ષે રહેલી એ ૨૬ વર્ષે તો ખતમ થઈ જાય.''

મેં પૂછી લીધું, ''તો તમે પિયર ક્યારે જાઓ?''

એમણે કહ્યું, ''બાપ વળાવે એટલે એના માટે આપણે મરી ગયાં. કોઈ લગ્નમાં કે પ્રસંગે જઈએ, પણ ૧૦ છોકરાં હોય તો બે-ત્રણને લઈ બાકીનાં ઘેર રાખી શકાય એમ હોય તો જ.

એટલે જ અમે સ્ત્રીઓ કહેતી, ''બળ્યો

આપણો સ્ત્રીનો અવતાર. અસ્ત્રી અવતાર અમારા વખતની ઝવેરચંં મેઘાણીની વર્તાઓનો શબ્દ છે.''

''બેટા, મને ખરેખર આનંદ થયો. અમારા આ લાંબી સાડી, ચણિયા, અમે પોલકાં કહેતાં એ વિચિત્ર બ્લાઉઝ જેવા ડ્રેસને બદલે સુંદર, વિલાયતી ભાયડાછાપ પણ હળવાં કપડાંમાં જોઈને. પુરુષો પર હકૂમત ચલાવતી, ઘર પણ એમ જ હોંશિયારીથી ચલાવતી મીઠડી નારી જોઈ.''

''મને પણ ભણવાના કોડ હતા, બાપને ભણાવવી પણ હતી એટલે જ થોડા અંગ્રેજી શબ્દો તારા વડ સસરાએ શીખવ્યા એ આવડે છે.

''નારી આવી પણ હોઈ શકે એ અમે એક સદી પહેલાંની નારીઓએ વિચાર્યું પણ ન હતું.''

''પાયલાગણ બા. હવે હું રજા લઉં. મારે ડરતાં ડરતાં કામ નથી કરવાનું પણ કામ તો પૂરું કરવામાં હુંય માનું છું. તમને મળીને આનંદ થયો. ઘણું જાણવા મળ્યું.''

''તો ચાલ. બેટા કર આંખો બંધ. પાછી લઈ જાઉં તારા.. ક્યાં? ૨૦૧૮માં.''

મેં કહ્યું, ''બા, પ્રણામ છે તમારી અખૂટ કામ કરવાની ને સહન કરવાની શક્તિને.''

હવે તો સ્ત્રી હોવું પુરુષ જેટલું જ ગર્વનું કહેવાય છે. ઊલટું આગળ ભણવામાં સ્ત્રીઓને સમાજ વધુ આગળ કરે છે. હવે સ્ત્રીનો અવતાર બળ્યો નથી કહેવાતો. એ ધારે તો ''ફળ્યો આ સ્ત્રી અવતાર'' કહી શકે છે.સ્ત્રી બની તો સ્ત્રી, પુરુષ તો પુરુષ.''

બાએ કહ્યું, ''અને ગામડાંમાં?''

મેં કહ્યું, ''થોડું ઘણું તમારે હતું એવું પણ સાવ એવું નહીં.''

ઓચિંતું મને લાગ્યું બાનો પાલવ ફરકયો, આંખો હસી. હોઠ પણ ફરક્યા.

ત્યાં તો મારી સાસુનો અવાજ આવ્યો ''ઓ મારી ઋષિણી, ક્યાં ધ્યાનમાં ઊતરી ગઈ? લે આ ફોટા મેં કોથળીમાં મૂકયા છે. બૅગમાં મૂકી ઉપર ચડાવ.''

સાસુનો વહાલભર્યો હાથ મારા ખભે મુકાયો. મેં કહ્યું, ''મેં ટાઈમ ટ્રાવેલ કરી. તમારાં સાસુનાં સાસુને મળી વાતો કરી આવી. એ તો કહેતાં હતાં ''બળ્યો આ સ્ત્રી અવતાર.''

સાસુ કહે, ''સમયની ગતિ. હવે એ જ સાસુજી જે વેઠ્યું છે એનાં ફળ આ જન્મમાં માણશે.''

આજે તો મને સ્ત્રી હોવામાં સ્ત્રીપણાનો ગર્વ છે. જે અવતાર મળ્યો, સ્ત્રી કે પુરુષ – મનુષ્યનો તો છે? જો મનુષ્યની જેમ રહેવા મળે, તો હું મરતી વખતે કહીશ, ''ફળ્યો આ સ્ત્રી અવતાર'' નહીં કે ''બળ્યો આપણો સ્ત્રી અવતાર.''

**સુનીલ અંજારિયા**

# આપણી સ્વાવલંબી હસ્તકળાઓ

છેલાજી રે,

મારે હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો

સ્વ. શ્રી અવિનાશ વ્યાસની લખેલ આ ગીતની પંક્તિમાં પાટણ જતા પોતાના પતિને પાટણના જગવિખ્યાત બેનમૂન લાવવાની માંગ પત્ની કરે છે. એવી ભાગ્યે જ કોઈ સ્ત્રી હશે કે જે પાટણ જતા પોતાના 'છેલાજી' પાસે મોંઘાં પણ અણમોલ પટોળાં મંગાવતી નહીં હોય!'

હાથસાળ પર પટોળા વણતા પાટણના કસબીઓના કુશલ હાથથી થતી રેશમી દોરાનાં તાણાંવાણાંની ઝીવણટભરી ગોઠવણી અને એટલી જ સૂક્ષ્મ રીતે તેને રંગવાની વિશિષ્ટ કારીગરી અલૌકિક છે. આવી અટપટી કાર્યરીતિથી તૈયાર થતાં - વણાતાં ૬થી ૯ વારની લંબાઈ અને ૪૮ ઈંચના પનાવાળા એક પટોળાને તૈયાર કરતાં ૪થી ૫ કરીગરોને છએક મહિના લાગે છે. ગુજરાતના જામનગર, ભુજ અને માંડવીના કારીગરોનું કૌશલ્ય બાંધણી, ઘરચોળાં, ઓઢણી અને જરીના ભરતકામવાળી સાડીઓમાં પ્રતિબિંબિત થાય છે, જ્યારે અમદાવાદ, મહુવા અને બિલિમોરાના વિસ્તારના કારીગરો ઘરઆંગણે બંધાતાં તોરણ અને મંદિર કે હવેલીના બારીબારણાં અને રવેશ કે ઝરૂખાના કઠેડાઓના લાકડાં પરની કોતરણી માટે જાણીતા છે. તાંબા ચડેલ લોહઘંટ, છરી અને નકશીદાર સૂડી માટે કચ્છ અને જામનગર, લાખનો ઓપ ચડાવેલ લાકડાના ફર્નિચર માટે વડોદરા પાસે આવેલ સંખેડા ગામના કારીગરો અને ગુજરાતમાં વસતા ભરવાડ, રબારી અને વણઝારોના પહેરવેશ પરની ભરતગૂંથણની અદાકારી ધ્યાન ખેંચે તેવી છે.

કલાકારીગરોને સ્વાવલંબન કરતી વિવિધ હસ્તકળાઓ ભારતના અન્ય પ્રાંતોમાં પણ જોવા મળે છે. સિમેન્ટ અથવા પથ્થરના બનેલ ચાકડાને પગથી ગોળગોળ ચલાતો કુંભાર માટી ખૂંદતો તેનો મદદનીશ અને ઘડાયેલ માટીની વસ્તુઓને ચિત્રકળાથી આકર્ષક બનાવતી ઘરની સ્ત્રીઓ - આ દશ્ય હરિયાણા પ્રાંતમાં જોવા મળે. આ ઉપરાંત ફૂલકરી ભરતગૂંથણની કળા તો હરિયાણાની સ્ત્રીઓની જ. પહેરવાના વસ્ત્ર પર ભરચક ભરતકામ કરે - આવાં ભરતકામવાળા વસ્ત્રને 'બાગ' કહે ને કિનાર પર જ ભરતકામ કરેલા વસ્ત્રને 'ચોપ' કહે.

હવે પંજાબ તરફ નજર કરીએ તો ત્યાંના કરતારપુર, જલંદર અને હોશિયારપુર - વિસ્તારના કારીગરો 'પીઢી' એટલે જેને આપણે બાજઠ કહીએ છીએ તે ખૂબ જ સામાન્ય રીતે બનાવે છે. લાકડાંને બાજઠનો આકાર આપી તેની ઉપર લાખનો વાર્નિશ કરે અને ત્યાર બાદ વિવિધ રંગોના મજબૂત દોરાઓ ગંઠી તેની બેઠક બનાવે. આ જ પંજાબની જરી અને સોનેરી દોરાઓના રંગબેરંગી ભરતવાળી 'જૂતી'- મોજડીનો રૂઆબ કંઈક અનેરો જ છે.

જમ્મુ અને કાશ્મીર એ ત્યાં વસતી વિવિધ જાતિઓનું ઘર તો છે જ - સાથે સાથે તેઓએ સાંગોપીને સાચવી રાખેલ અસંખ્ય પારંપરિક વિવિધ કળાહુન્નરનું ઘર પણ છે. અહીંના કારીગરીના હાથના કસબથી બનતી પાશ્મીના અને શેન્ટૂસના ઊનની શાલ અને આંખે ઊડીને વળગે એવી રંગ ભીની જાજમ અવિસ્મરણીય છે. રેશમના કીડા ઉછેરવાનો વ્યવસાય, મધુમખ્ખીના ઉછેરનો ઉદ્યોગ, નેતરમાંથી બનાવેલ વિવિધ ગૂંથણીની ભાતભાતની ટોપલીઓ અને છાબડીઓ, અખરોટના વૃક્ષના લાકડામાંથી બનાવેલ નકશીદાર વસ્તુઓ વગેરે હસ્તકળાઓ અહીંના કારીગરોના જીવનનિર્વાહનું મુખ્ય સાધન છે.

હિમાચલ પ્રદેશનું ધ્યાન ખેંચે તેવું તેઓનું પારંપરિક ચામડાંનું ભરતગૂંથણ, ત્યાંનાં મંદિરોમાં જોવા મળતી પાઈન, દેવદાર, અખરોટ, વાઈલ્ડ બ્લેક મલબેરી જેવાં લાકડાં પરની કોતરણી અદ્‌ભુત છે. આ કળાની કારીગરી જોવી હોય તો આ પ્રદેશના સરહાનનું ભીમકાલી મંદિર જવું પડે. સાદા અને

આરામદાયી ચંબા વિસ્તારના ચંપલ પણ વખણાય.

વારાણસી, આગ્રા, લખનઊ, રામપુર, બરૈલી અને ફરુખાબાદના વિસ્તારોમાં પ્રચલિત વસ્ત્રો પર રૂપેરી અને સોનેરી દોરાથી કરાતું ઝરદોસ્તી ભરતગૂંથણ, ચીકનકારી ભરતગૂંથણ, મોરાદાબાદનું પિત્તળકામ, આગ્રાની આગવી આરસ પર થતી કારીગરી અને વારાણસી નજદિક આવેલા ભાદોહીના કારીગરોના કૌશલ્યથી વણાતી અગ્નિ એશિયાની ઉત્કૃષ્ટ રેશમી જાજમ – આ સર્વ ઉત્તર પ્રદેશની હસ્તકલાની ભારતને દેણ છે.

બિહારના પથ્થરકટ્ટી તરીકે ઓળખાતા અત્રીના વિસ્તારમાં શિલ્પકારી ઉપરાંત મુઝફ્ફરપુરમાં વિકસેલ બંગડીઓ બનાવવાની વિકસેલ હસ્તકળા ત્યાંની સ્ત્રીઓને સ્વાવલંબી બનાવતી હસ્તકળા નોંધનીય છે. વનવિસ્તારમાંથી ઉપલબ્ધ થતી લાખમાંથી અહીંના કારીગરો સુંદર કળામય બંગડીઓ બનાવે છે. ગંગાતટમાં ઊગતી બરુ જેવી ઘાસની પોલી સળી જેવી વનસ્પતિને સૂકવવામાં આવે છે. સૂકાતાં તે ચળકતો સોનેરી રંગની બને છે. ત્યાર બાદ તેનાં દોરડાં વણી આ સાધારણ વસ્તુમાંથી મિથિલા વિસ્તારના હસ્તકલાકારો પ્રાણીઓ, પંખીઓ અને મનુષ્યની આશ્ચર્યજનક આકૃતિઓ, ટોપલીઓ અને હેટ બનાવે છે. જે વનસ્પતિમાંથી આ કળામય વસ્તુઓ બને છે તે સિક્કી નામે ઓળખાતી ઘાસ જેવી પાણીમાં ઊગતી વનસ્પતિ છે અને તેથી જ આ કળા સિક્કીકળા તરીકે ઓળખાય છે.

કાગળના માવાને રંગી તેમાંથી પૌરાણિક કથાઓનાં પાત્રોનાં મહોરાં બનાવવામાં અને સૂકી અને પકવેલી માટીની 'ટેરાકોટા' તરીકે ઓળખાતી કલા દ્વારા સુંદર આકૃતિઓ બનાવવામાં પશ્ચિમ બંગાળના કસબીઓ માહેર છે. કાલીઘાટ વિસ્તારમાં બનતી ઢીંગલીઓ અને આ ઉપરાંત શણમાંથી બનાવાતી બેનમૂન ચીજવસ્તુઓ અહીંના કારીગરોની નેતર અને વાંસમાંથી બનતાં ઘર અને ઘરમાં વપરાતી રોજિંદા ઉપયોગની વસ્તુઓ, સૂર્યપ્રકાશને અવરોધતી 'ઝપ્પી' વગેરે માટે આસામ, નૃત્ય કરતી પૂતળીઓ અને પાણીમાં ઊગતી વનસ્પતિમાંથી રંગબેરંગી સાદડીઓ બનાવવાની કલા માટે મણિપુર અને પારંપરિક ઢબે કરાતા લાકડાના ઝીણટભર્યાં કોતરકામ અને સ્ત્રીઓએ હસ્તગત કરેલા માટીકામ માટે નાગાલૅન્ડના કસબીઓ મોખરે છે જ્યારે અરુણાચલ પ્રદેશના કલાકારો પોતે વપરાશમાં લેતાં વસ્ત્રોના વણાટકામ, લાકડાંમાંથી બનાવાતાં તીરકામઠાં, માછલાં પકડવાની જાળ, સ્મોકિંગ પાઈપ અને લાકડાંનાં ઘરેણાં બનાવવાનાં સુથારીકામ માટે જાણીતાં છે.

રંગબેરંગી વણેલા-ગૂંથેલા વિવિધ આકારના કાપડના ટુકડાઓ મૂળ કપડાં પર મૂકી ટુકડાના છેડાઓને તે જ પ્રકારના સીવણથી એવી ખૂબીથી સીવી લેવામાં આવે છે જે મુખ્ય કપડાંનો એક ભાગ જ બની જાય છે. આમ પેચવર્કથી જુદી પડતી આ કળા એપ્લિક કળા તરીકે ઓળખાય છે અને તે ઓરિસ્સાના કારીગરોની વિશિષ્ટ હસ્તકલા છે. આ ઉપરાંત પિત્તળ અને બેલ મેટલ તરીકે ઓળખાતી ધાતુ પર કરાતી ઢોકરાકળા તરીકે ઓળખાતી કળા માટે ઓરિસ્સાના સિથુરિયા જાતિના લોકો પાવરધા છે. આ કલા દ્વારા ઢાંકણાંવાળાં વાસણો, ગણપતિ અને દુર્ગાની મૂર્તિઓ ઉપરાંત લેમ્પ અને લેમ્પશેડ બનાવે છે. ચાંદીના અત્યંત સૂક્ષ્મ તારને વિવિધ આકારોવાળી ચીજવસ્તુઓ અને ઘરેણાં બનાવવાની સિલ્વર ફીલીગ્રી અથવા તારાકસી નામે ઓળખાતી ઓરિસ્સાની આ કળા હસ્તકળા ક્ષેત્રમાં જુદી ભાત પાડે છે.

રાજસ્થાન સાથે સંકળાયેલ છે ત્યાંની બાંધણી, કપડાં પર કરાતું બ્લૉક પ્રિન્ટિંગ, રાખડી, બાજુબંધ, ગજરા, ગોખરુ અને જોડ જેવાં ઘરેણાં, લાકડાં અને હાથીદાંત પરનું નકશીકામ અને પર્શિયન શૈલીની ટોંક, બિકાનેર અને જયપુરના કારીગરોથી વણાતી જાજમ અને શેતરંજી. રાજસ્થાનની મોજડી

તો કેમ ભુલાય!

સુતરનાં તાણાં અને રેશમી વાણાંની અતિસૂક્ષ્મ વણાટવાળી ચંદેરી અને પાંચ પટ્ટાવાળા પાલવવાળી મહેશ્વરી સાડી તો મધ્ય પ્રદેશની જ. દેવાંગણ જાતિના નિષ્ણાત કારીગરોએ બનાવેલ કોસા કે ટશરની રેશમી સાડીઓ તો ભારતીય નારીનો શણગાર છે. ભીલ, ભીલાલા જાતિના લોકો પિથોરા ચિત્રકામ માટે પ્રખ્યાત છે - ખાસ કરીને પ્રાગૈતિહાસિક ચિત્રકામ માટે.

હાથથી બનાવાતાં કોલ્હાપુરી ચંપલ, વારલી આદિવાસી પ્રજાનું ચિત્રકામ, છ વાર અને નવ વારની ઉત્કૃષ્ટ રેશમમાંથી બનતી પૈઠણી સાડીઓ તો મહારાષ્ટ્રના જ વખણાય.

આંધ્ર પ્રદેશની બંજારા અને જીપ્સી આદિવાસીઓનું કલાકૌશલ્ય સોઈથી થતા ભરતગૂંથણમાં પ્રતિબિંબિત થાય છે; જ્યારે દુર્ગી શિલ્પકળા માટે, પ્રેમબર્થી પિત્તળની વસ્તુઓ માટે અને કોન્ડાપલ્લી ગામ રમકડાં બનાવવા માટે મશહૂર છે. કર્ણાટક સંગીતના પાયાનું વાદ્ય સરસ્વતી વીણા બનાવવાનો કસબ આંધ્ર પ્રદેશનો છે.

આવી જ રીતે તંજાવૂર વિસ્તારના કસબીઓએ તંબૂરા, વીણા, વાંસળી અને વાંગ્યમ જેવાં સૂરીલાં વાદ્યો બનાવી તામિલનાડુનું નામ રોશન કર્યું છે. તંજાવૂરનું ચિત્રકામ મનમોહક છે - જ્યારે તામિલનાડુની કાંજીવરમ્ સાડીઓ સ્ત્રીઓનું મનભાવન વસ્ત્ર છે.

મલબેરી રેશમની સાડીઓ, ચંદનવૃક્ષના લાકડાંમાંથી બનતી નકશીદાર વસ્તુઓ, ચંદનની અગરબત્તી અને આ જ ચંદન વૃક્ષમાંથી બનતા સૌંદર્ય પ્રસાધનો માટે કર્ણાટક રાજ્યના કલાકારોને યાદ કરવા જ પડે.

નારિયેળી તો કેરલ, આંદામાન નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપના ટાપુઓનું કલ્પવૃક્ષ છે. નારિયેળના રક્ષણાત્મક રેસાવાળા કવચને દૂર કરી તેને લગુન તરીકે ઓળખાતા ખારા પાણીના સરોવરમાં ૧૦ મહિના પલાળી રાખ્યા બાદ રાખ તરીકે ઓળખાતા ચરખા પર વણાટકામ કરી જાડાં પાતળાં દોરડાં બનાવી અને તેમાંથી આકર્ષક પગલૂછણિયાં, લાદી જેવી વિવિધ ચીજવસ્તુઓ બનાવવાના કલાકૌશલ્યમાં આ પ્રદેશના કારીગરોની કોઈ બરોબરી કરી શકે તેમ નથી. આ અદ્‌ભુત કળા ઉપરાંત શંખલાં અને છીપ જેવી મળતી દરિયાઈ વસ્તુઓમાંથી પીન કુશન, ઍશ-ટ્રે, પેપરવેઈટ જેવી નમૂનેદાર વસ્તુઓ અહીંના કારીગરો બનાવે છે.

એક જમાનો હતો જ્યારે ભારતની ચેતનવંતી આ હસ્તકળામાં પાવરધા એવા કલાકારીગરોને રાજામહારાજાઓ આર્થિક અને નૈતિક પીઠબળ આપતા હતા. આને પરિણામે જ આ હસ્તકલાઓ વિકસી. આ હસ્તકલા એ કલાકારીગરીના જીવનનિર્વાહનું સાધન આજે પણ છે. ઔદ્યોગિક ક્રાંતિથી યંત્રોનું વર્ચસ્વ વધતાં શહેરીકરણ થયું. લોકોની માંગ અનેક પ્રકારની અને અનેકગણી વધી ગઈ. યંત્રદ્વારા હસ્તકળાની કૃતિઓ જેવી દેખાતી ચીજો ઝડપથી બનવા લાગી. જોકે હસ્તકલાથી રચાતી કૃતિઓ સામે યંત્રરચિત કૃતિઓ ઝાંખી પડે છે, પરંતુ સસ્તા દામે વેચાતી હોવાથી ગામડાંનો હસ્તોદ્યોગ પડી ભાંગ્યો. ભારતના સંસ્કાર અને સંસ્કૃતિના પ્રતીકરૂપે આ હસ્તકળાને સાચવવા માટે બે-ત્રણ ઉપાયો છે.

હસ્તકળાના નાના પાયાના ઉદ્યોગને વ્યવસ્થાતંત્રે આર્થિક અને આવશ્યક એવી અન્ય સવલતો આપવી જોઈએ - આ કલા સચવાય તેવાં તાલીમકેન્દ્રો શરૂ કરવાં જોઈએ. હસ્તકળાના કારીગરોએ બદલાતા જમાનાની ફૅશન અને રસવૃત્તિ પ્રમાણેની કલામય ચીજો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ થાય તો જ હસ્તકલા જીવતી રહેશે.

અંતમાં ભારતના હૃદયને ધબકતું રાખતી આપણી સ્વાવલંબી હસ્તકલાઓને શત શત વંદન.

**દિનેશ બુચ**

## ''સુગંધ''

'શું પપ્પા સ્વભાવની સુગંધ તો કંઈ હોય?

કેતન, 'હા બેટા, હોય ને...

પણ સ્વભાવની સુગંધ છે તે કેવી રીતે ખબર પડે? કેતન બેટા તારે જાણવું છે તો હું તને એક વાત કરું! હાં, પપ્પા કહોને, મને... મને... જાણવી છે.

તો સાંભળ, માણસના સ્વભાવના સુગંધની વાત.

આપણા ગામમાં ભગો કરીને એક માણસ હતો. જેવું તેનું નામ તેવો તેનો દેખાવ. બધા તેને ભગા ભગા કરીને ચીડવતા હતા, પરંતુ ભગાને કોઈ અસર થતી નહીં. તે હસ્યા કરતો.

ભગો સ્વભાવમાં ખૂબ સરળ અને સજ્જન હતો. તે વિચારતો કે માણસમાં બુદ્ધિ છે છતાં તે કેમ હેરાન થાય? બિચારો થાય? બાપડો થાય, એક એક વસ્તુ માટે ભટકે?

તે તેના સ્વભાવના ભાવથી બધાને મદ કરવા માંડ્યો. એકલા હાથે નિશ્ચય કરી કાચા રસ્તા ઉપર પથ્થર નાખવા માંડ્યો. રસ્તા ઉપરની ઝાડી દૂર કરી રસ્તો અવરજવર માટે યોગ્ય કર્યો. ગામના લોકોએ જોયું કે આ ભગો ખરેખર સજ્જન છે. બધા તેની વાતો સાંભળવા માંડ્યા. ભગાને મદદ કરવા માંડ્યા.

હવે ભગોમાંથી ભગા કાકા થઈ ગયા.

ભગા કાકા આ શું કરો છો?

અરે આપણા ગામના રસ્તા ઉપરથી નીકળતા કેટલા લોકો પાણી માટે તરસતા હશે. માટે હું અહીંપાણીની પરબ બનાવું છું. ભગા કાકાએ પોતાની ટૂંકી આવકમાંથી થોડું થોડું કરતાં ગામ માટે ઘણું કર્યું. પાણીની પરબ કર્યા પછી ભગા કાકાનું નામ અને કામ ગામે ગામ ગૂંજવા માંડ્યું. તરસ્યાને પાણી મળ્યું. બધા ગામમાં ભગા કાકાએ કરેલાં કામો જેવાં કામો થવાં માંડ્યાં.

ભગા કાકાનું કામ અને નામ લોકોના હૃદયમાં અંકાય ગયું. આજે પણ બધા તેમને આદરથી યાદ કરે છે.

બેટા, આને કહેવાય કર્મની સુગંધ.

**રુદ્રાક્ષ મેહુલ એમ**

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ ૧૧થી ૧૬

## દીકરી

ડૉક્ટર દંપતી ઘરે પહોંચ્યું અને બંને દીકરીઓ 'હેપ્પી ફાધર્સ ડે' કહી વળગી પડી એમના પિતાને. એ ત્રણેયથી સહેજ અળગી થઈ એની ભીની આંખો લૂછી. તેણીએ પિતાતુલ્ય દરેક સંબંધીઓ કાકા, મામા, ફૂવા, માસા જોયા હતા, પણ પિતાની નાનકડી તસવીર 'માઈ'ના મંદિર સમા ગોખલામાં જોઈ હતી સમજણી થઈ ત્યારથી. આજે આખો દિવસ તેણીને ફોનમાં એકોએક મેસેજે કાયમ ધોળી સાડી પહેરતી એની 'માઈ' યાદ આવી હતી. જેની તસવીર પણ હવે પિતાની પાસે એણે ગોઠવી છે કારણકે એમણે એમના જમાનામાં નિર્ણય લીધો હતો કે તેઓ આગળ ભણશે અને ભણાવશે.

**કુંજલ પ્રદીપ છાયા**

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ ૧૭થી ૩૫

## બીલ્ડર

ડોકી પડી જાય એટલી હદે ઊંચી તાણી તાણીને જોઈ રહેલા સાત વર્ષના ટેણિયાને એને તેડી લીધો, એની સામે જોયું, પછી બાવીસ માળની ઈમારત સામે આંગળી ચીંધીને બોલ્યો ' 'સજોઈ આ ઊંચી બિલ્ડિંગ? મેં બનાવી!'' અને ટાબરિયો એના ચહેરા સામે, પછી ઈમારત સામે, ફરી એના ચહેરા સામે જોઈ ચમકભર્યું હસ્યો. એ પણ સામે ગર્વીલું હસતાં બોલ્યો : ''અરે! આ તો કંઈ નથી. ચાલ, તને હજુ બતાવું...'' અને થોડે આગળ જતાં ફરી આંગળી ચીંધી : ''ત્યાં જો, મોલ છે... મોલ! એ પણ તારા બાપે બનાવ્યો. કેટલાય મહિનાઓની મહેનત છે. ચાલ, અંદર લઈ જાઉં.'' અને બાપની આંગળીએ ચાલતાં ચાલતાં છોકરો અંદરની રોશની અને ઝાકઝમાળને વિસ્મયથી જોવા લાગ્યો. રમકડાં અને બાળકોનાં કપડાંની દુકાનો પાસે અટકીને, એક એક વસ્તુને મોટી મોટી આંખોમાં ભરવા માંડ્યો. હળવેથી બાપ તરફ ઉપર જોયું, બાપ પણ ચોતરફના માહોલમાં ખોવાયેલો હતો.

થોડી વાર બંને બહાર નીકળ્યા એટલે એ બોલ્યો, ''હવે ઘરભેગા થઈએ. કાલે સાઈટ પર સવારે ચાર વાગે જવાનું છે.''

પછી ફાળિયું કરી, છોકરાને કાંધે બેસાડી, એના નાનકડા તૂટેલા સ્લીપરને હાથમાં લઈ, શીંગચણાની પૂડી દીકરાને પકડાવતાં બબડ્યો, ''મોડું થશે તો મારી દહાડી કાપી લેશે. હાલ, ઝટ.''

**મેઘા અંતાણી**

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ ૩૬થી ૫૦

## સત્યની ખોજ

આગળ કઈ બાજુ જવાનું છે? રિક્ષાચાલકના પ્રશ્નથી અવનિ ઝબકી ગઈ, પાણીનો ઘૂંટ પી સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. શંકાના સળવળતા કીડાએ આજે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને ધૂંધવાયેલી અવનિ સત્યની ખોજે નીકળી પડી છે.

સવારની જ વાત! અંકિતને વહેલો તૈયાર થયેલો જોઈને સહસા જ પુછાઈ ગયું... ક્યાં જાય છે?

હૉસ્પિટલ! અંકિતનો એ જ સ્વસ્થ અને શાંત જવાબ.

હવે મને ઘણું સારું છે, દવા બરાબર લઉં છું, કશી જરૂર નથી દર પંદર દિવસે મારા રિપોર્ટ બતાવવાની.

અવનિ... સારવાર કરતા ડૉક્ટરને મળીને અપડેટ આપતા રહીએ તેમાં ખોટું શું છે?

ના, કાંઈ જરૂર નથી. આજે તું નહીં જાય

પણ, પ્રેમાળ અંકિત રુક્ષ બની ગયો, મારી સતત કાળજી રાખતો અંકિત મારી જીદ, મારાં કાલાંવાલાં છતાં ગયો જ.

દર્દની નબળાઈ, માનસિક યાતનાથી અવનિને ચક્કર આવી ગયા ન કરવા જેવા વિચારો હાવી થઈ ગયા. મારી સાથે દવાખાને આવતાં પુરુષ પ્રકૃતિ મન ક્યાંક ઢળી પડ્યું હશે? કોઈ નર્સ કે ડૉક્ટર.

અને નીકળી પડેલી અવનિને પગથિયાં ચડતાં જ અંકિતનો મિત્ર મળ્યો, ભાભી તમે? કાંઈ તકલીફ? હું આવ્યો છું ને તેની સાથે ત્રણેય કલાકમાં તો અંકિત સ્વસ્થથ થાય એટલે આપણે ઘેર.

ભાભી! Congratulations આજે જ ડૉક્ટરે ખુશી સમાચાર આપ્યા કે દવાની ટ્રાયલ ૧૦૦% સફળ થઈ છે, ને ટૂંક સમયમાં જ દવા

બજારમાં આવી જતાં તમારા જેવા અનેકના જીવનમાં સુખનો સૂરજ ઊગશે.

ધન્ય છે તમારા જીવનસાથીને કે તમારું ધ્યાન રાખવાની સાથે, દવાના ખર્ચમાં રાહતના આશયથી જાનના જોખમે દવાની Clinical trialની સેવા આપતો રહ્યો.

મનોમન ફસડાઈ પડતાં જેવી સ્થિતિમાં અવનિ સ્વગત બોલી કે મેં પાંચે નહીં પૂરી દસ આંગળીએ ગોર પૂજી છે.

**સાધના બુચ**

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ ૫૧થી ૬૫

## જ્ઞાનનો દરિયો અને શ્રદ્ધાનું ટીપું

ઑપરેશન થિયેટરમાં એક બાળક આંખો ચમકાવતું નર્સ સાથે કંઈક વાતચીત કરી રહ્યું છે. તેના હાર્ટનું ઑપરેશન છે - ક્રિટિકલ કેસ છે. મુંબઈના મોટામાં મોટા હાર્ટ સર્જ્યન ઑપરેશન થીએટરમાં પ્રવેશ કરે છે. ''નર્સ, બાબાભાઈ શું વાતચીત કરી રહ્યા છે?''

નર્સ શરમાઈ ગઈ થોડા સંકોચ સાથે કહ્યું. ''કહે છે કે એનાં દાદી કહે છે કે હૃદયમાં ભગવાન હોય છે, - તો પૂછે છે કે તમને આજે ભગવાન દેખાશે ને?''

ડૉક્ટરે હસીને કહ્યું, ''બાબાભાઈ ભગવાન તો મંદિરમાં હોય, તમે મંદિર જાઓ છો ને? આપણા શરીરમાં તો હાર્ટ હોય, લંગ્ઝ હોય, સ્ટમક હોય બરાબર ને? બાળકના ચહેરા ઉપર વિમાસણના ભાવ આવ્યા.

ઑપરેશન ચાલુ થયું, પણ મેડિકલ સાયન્સ બીમારી સામે હારી ગયું. ચાલુ ઑપરેશને બાળકનું હૃદય બંધ પડી ગયું. ડૉક્ટર બહુ અપસેટ થઈ ગયા. પોતાની કેબિનમાં જઈને ઊંડા વિચારમાં પડી ગયા.

મારા જ્ઞાનના ભાર તળે બાળકની શ્રદ્ધાને મારે કચડવી નહોતી જોઈતી, એની છેલ્લી પળોમાં એને રાજી રાખી શક્યો હોત.

અમે ડૉક્ટર લોકો શરીરશાસ્ત્ર જાણીએ છીએ. હૃદય સતત જિંદગીભર ધબકતું રહે છે ને આખા શરીરમાં લોહી પહોંચાડતું રહે છે. ફેફસાં સતત લોહીને શુદ્ધ કરતાં રહે છે. આમ શરીરનું તંત્ર ચાલતું રહે છે. અહીં સુધીની અમારી સમજ, પણ હૃદયને ધબકતું કઈ શક્તિ રાખી રહી છે એનાં જેવાં શરીરનાં અમુક રહસ્યો બાબત અમારા જ્ઞાન આગળ પડદો પડી જાય છે.

મેં કહેલ કે શરીરમાં હૃદય, ફેફસાં વ. હોય. તે તો અત્યારે પણ તેના શરીરમાં હાજર છે - તો શરીરમાંથી ગયું શું? એ કયું તત્ત્વ ગયું? કદાચ દાદીમાએ એને ભગવાન કહ્યું હોય.

**ધડકન-શ્વાસ તે પુરાવાના પરમાણુ છે**
**બાકી હૃદય કે જીવ તે માનો તો ભગવાન છે**

ડૉક્ટર આંખો બંધ કરી વ્યથાભર્યા અવાજમાં સ્વગત બોલ્યા, ''વહાલા... વહાલા નાના બાબાભાઈ, હા, અમે આજે તમારા હૃદયમાં ભગવાન જોયા.''

**નિખિલ દેસાઈ**

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ ૬૬થી વધુ

# પ્રાયશ્ચિત

પિતાંબર તેની પત્ની શાંતા તેમ જ ૩ વર્ષના પુત્ર રોહિત સાથે પોતાના વાહન પર નજીકના ગામે ભરાતા મોટા મેળામાં ગયો.

મેળાના જુદા જુદા સ્ટોલની મુલાકાત લેતાં ત્રણે જણા ફરતાં હતાં. પુત્ર માટે રમકડાં લેવા રમકડાંની દુકાને પણ ઊભા રહેતાં. આમ જુદા જુદા સ્ટોલમાં ઊભા રહેતાં હોવાથી અલગ પડી જતાં. આને કારણે એક વાર રોહિત આગળ નીકયી કોઈ રમકડાંની દુકાને ઊભો રહી ગયો ને પતિ પત્ની આગળ નીકળી ગયાં.

થોડી વારે શાંતાએ પૂછ્યું, રોહિત તમારી સાથે છે ને? પિતાંબરે કહ્યું, મને એમ કે તારી સાથે છે! બંને ગભરાઈ ગયા, ને એકબીજાને દોષ દેવા લાગ્યાં.

શાંતાએ તો મોટેથી રડવાનું ચાલુ કર્યું ને કહ્યું, મારા દીકરાનું તમે ધ્યાન ન રાખ્યું. આવડા મોટા મેળામાં હવે ક્યાં મળશે? જાવ જલદી શોધી લાવો, નહીંતર હું અહીં જ પ્રાણત્યાગ કરીશ. પિતાંબરે કહ્યું, શાંતિ રાખ, હું તપાસ કરું છું. મળી જશે. તું અહીં જ ઊભી રહેજે.

મેળો મોટો હોવાથી પિતાંબરને પણ થયું કે ક્યાં શોધવો? તે ફરતો ફરતો મેળાની પોલીસ ચોકીએ પહોંચ્યો. તેણે ત્યાં પુત્ર જુદો પડી ગયો હોવાની ફરિયાદ લખાવી. પોલીસે પણ માઈક પર કોઈને બાળક મળ્યું હોય તો પોલીસ ચોકીએ આપી જવાની જાહેરાત ચાલુ કરી. પિતાંબર પણ મેળામાં ફરવા લાગ્યો, પરંતુ એકાદ કલાક ફરતાં પણ તેને રોહિત દેખાયો નહીં.

તેવામાં તેણે માઈક પર જાહેરાત સાંભળી કે રોહિત નામનો બાળક મળ્યો છે. માતાપિતાએ પોલીસ ચોકીમાં આવી લઈ જવો. પિતાંબર દોડતો ત્યાં પહોંચ્યો. રોહિત રડતો હતો. તેને ઊંચકી લઈને પોલીસનો આભાર માન્યો. પોલીસે તેને ઠપકો આપ્યો. મેળામાં બાળકોને સાચવતા જાવ.

પિતાંબર પત્ની શાંતા પાસે પહોંચ્યો ને પુત્રને સોંપ્યો. શાંતાએ રોહિતને વહાલથી તેડી લીધો.

શાંતાએ રડતાં રડતાં કહ્યું, હવે ઘરે ચાલો. મેળામાં નથી ફરવું. પિતાંબર પણ સંમત થયો ને ત્રણે વાહન પર મેળામાંથી બહાર નીકળ્યાં.

પિતાંબરે બાઈક પોતાના ગામના બદલે બીજા રસ્તે વાળી. પત્નીએ કહ્યું કેમ ઘેર નથી ચાલવું? પિતાંબરે કહ્યું, હું મારા ઘરે જ જાઉં છું. મારું ઘર આ બાજુ છે. મારી મા ત્યાં રહે છે.

તારો પુત્ર એક કલાક તારાથી જુદો પડ્યો તો તારી કેવી દશા થઈ? મારી માની હાલત પણ તારા કારણે ૨ વર્ષથી છે. આજે હું મારી માને આપણી સાથે રાખવા તેડવા જાઉં છું.

શાંતાને પણ પોતાની ભૂલનો અહેસાસ થયો ને સમજાયું કે માની હાલત પુત્ર વિના કેવી થાય છે? તે પણ સાસુને સાથે તેડી લાવવા રાજી થઈ. રોહિત દાદીમા ઘેર આવશે જાણીને ખુશી થયો.

**અરુણ માંકડ**

# 'શ્રાદ્ધ'

''વહુ બેટા, કાલથી શ્રાદ્ધ શરૂ થાય છે. આ વખતે તમારા સસરાના શ્રાદ્ધ વખતે ખીરની સાથે સાથે પુરણપોળી પણ કાગવાસમાં મૂકશું, એ એમની અતિપ્રિય વાનગી હતી.'' નવી નવી પરણીને આવેલ રીનાને એના સાસુએ કહ્યું. રીના ખૂબ ભણેલીગણેલી. મોડર્ન નારી હતી. થોડોક વિચાર કરી એ બોલી, ''મમ્મી, આ બધી વાનગીઓ રાંધવાની માથાકૂટ કરી કાગડાને ખવડાવવામાં હું નથી માનતી - એના કરતાં આ વર્ષે શ્રાદ્ધ નિમિત્તે કોઈ બ્રાહ્મણને સીધું આપીએ તો કેવું?'' અને સાસુએ ઘરમાં સારાસારી રાખવા કોઈ દલીલ ન કરતાં રીનાનું મન સાચવી લીધું.

થોડા દિવસ પછી એક રવિવારે જમણ માટે રીના પૂરણપોળી બનાવતી હતી - હજી તો પહેલી પૂરણપોળી બનાવી, ડબ્બામાં મૂકી ત્યાં તો બારીમાંથી એક કાગડો ચીલઝડપે અંદર આવ્યો અને એ પૂરણપોળી લઈને ભાગ્યો. રીના કંઈ સમજે એ પહેલાં તો પાછળ ઊભેલા સાસુએ ઠૂઠવો મૂક્યો. ''જો... આ તારા સસરાજી જ કાગડાનું રૂપ લઈ આવ્યાં અને પૂરણપોળી લઈ ગયા. મેં તને કહ્યું હતું કે કાગવાસમાં પૂરણપોળી મૂકી એમની ઇચ્છા તૃપ્ત કરીએ.'' ગભરાયેલી રીનાએ કાંઈ જવાબ જ ન આપ્યો.

બીજા દિવસે પણ કાગડાભાઈએ દેખા દીધી એને જોઈને જ સાસુમાનો ચહેરો ખીલી ઊઠ્યો. રીનાએ પણ ગરમ-ગરમ રોટલી એમને ધરી દીધી. પછી તો આ રોજનો ક્રમ થઈ પડ્યો અને સાસુમા સસરાજીને ભાવતાં વડા-પૂરી વગેરે વારંવાર રીના પાસે બનાવડાવી કાગડાભાઈને ધરતાં ગયાં. - સગાંવહાલાં પણ સાસુમા ખુશી ખુશી આ વાત કહેવા માંડ્યા. એક દિવસ સવારમાં ઘરની ઘંટી વાગી - અત્યારમાં કોણ હશે એમ વિચારતો રીનાએ દરવાજો ખોલ્યો તો સામે એનાં ફઈજી ઊભાં હતાં. કહે... ''કાલથી મને ભાઈની ખૂબ યાદ આવતી હતી. એમને મારાં પૂડાં બહુ જ ભાવતાં હતાં. એટલે આજે તો હું પૂડાં બનાવી કાગડાભાઈને ખવડાવવાની છું. ખેર, કાગડાભાઈની સાથે સાથે ઘરના બધાએ પણ પૂડાની મોજ માણી.

હવે તો રીના પણ કાગડાભાઈની હાજરીથી ટેવાવા માંડી. એક દિવસ એ ન દેખાય તો ખાલી ખાલી લાગે. કોઈ કારણથી ઘરમાં રસોઈ ન થઈ હોય તો બહારથી બ્રેડ મગાવી કાગડાભાઈ માટે બારીમાં મૂકે ત્યારે જ એને ચેન પડે. કાગડાભાઈને ખવડાવી મૂગા જીવની સેવા કર્યાનો સંતોષ રીનાને મળવા માંડ્યો. હવે તો એ કબૂતરોને પણ ચણ નાખતી થઈ ગઈ હતી!

આમ જ વર્ષ પસાર થઈ ગયું. પાછા શ્રાદ્ધના દિવસો આવ્યા. સસરાજીના શ્રાદ્ધને દિવસે સાસુમા પંડિતને આપવા સીધાની થાળી તૈયાર કરતાં હતાં ત્યાં રીના કહે - ''મમ્મી આ પંડિતને તો આપીએ, પણ સાથે સાથે આજે બધા જ કાગડાને ખીર અને પૂરણપોળીની મિજબાની આપીએ.'' સાસુમાનો ચહેરો ખીલી ઊઠ્યો. ખીર અને પૂરણપોળી ખાઈને સસરાજીનો આત્મા તૃપ્ત થતો હતો કે નહીં? એ તો સસરાજી અને ભગવાન જ જાણે પણ કાગડાભાઈ - સાસુમા અને હવે તો રીનાના આત્મા તો જરૂર તૃપ્ત થતા હતા.

**દીના વછરાજાની**

# શ્વેત-શ્યામ

ગંગા - જેવું નામ એવું જ રૂપ હોં! મારી વહુ  હીરો છે હીરો.

કંચન પોરસાઈ પોરસાઈને ઓટલા પરિષદમાં પચ્ચીસ દિવસ પહેલાં પરણાવેલા દીકરા મનોજની વહુ ગંગાના બે મોઢે વખાણ કરતાં થાકતી નહીં.

અલી કંચી, તું તો એમ વખાણ કરે છે કે જાણે અમારે તો ઘેર ઠીબડું પરણીને આવ્યું હોય.

કંચન પોતાને કાબૂમાં કરતાં સહેજ મલકાઇને કહેતી,

''મેં ક્યાં બીજાની વહુઆરુને ઠીબડું કીધું!''

અને ઓટલા પરિષદ સમાપ્ત થતી.

સાસુ-વરને ગરમ રોટલીઓ જમાડતી ગંગાના ઝાંઝરની ઝીણી ઘૂઘરીના રણકારથી ઘર સૂરીલું બની જતું.

મનોજ તો દિવસ રાત - ગંગા પાસે હોય ત્યારે એના સંગમાં ઓતપ્રોત અને પાસે ન હોય ત્યારે એના જ વિચારોમાં ખોવાયેલો રહેતો.

પાડોશની વાલીમાસી તો મહેણુંય મારી લેતી,

''લ્યા ભારે વહુઘેલો થઈ ગ્યો છે ને કાંઈ!''

મનોજ શરમાઇને પસાર થઈ જતો.

છ મહિના તો ક્યાં ચપટી વગાડતાં પસાર થઈ ગયા તે કંચનના પરિવારને ખબર જ ન પડી.

એ દિવસે પણ રોજની જેમ ગંગા વહેલી ઊઠી. રોજિંદો નિત્યક્રમ પતાવીને સુઘડ તૈયાર થઈને દર્પણની સામે સેંથી પૂરવા ઊભી રહી. પોતાને જોઈને સહેજ મલકી જવાયું. સૂતેલા મનોજને જોઈને સ્વગત બોલી પડાયું,

આ મારો પાગલ પ્રિયતમ રોજ કહે કે,

ગંગા તું દર્પણની સામે ન ઊભી રહે. દર્પણની નજર તને લાગી જશે.

''ધત્ એમ થોડી હોય!''

અને સિંદૂરની સરસ ડબ્બીમાંથી ચપટી ભરીને સિંદૂર જ્યાં સેંથીમાં પૂરવા જાય ત્યાં કપાળના એક છેડે સહેજ ડાઘ જેવું દેખાયું.

આ શું?

જરા ઘસી ઘસીને સાફ કરવાનો પ્રયાસ કર્યો પણ સ્પષ્ટ થયેલો સફેદ ડાઘ ગંગાને થરથરાવી ગયો.

આ શું હશે? ક્યાંક...!

તરત મનોજને હલબલાવી નાખ્યો.

''એય ઊઠો તો!''

મનોજ ગંગાની સુગંધમાં તરબતર થતો માંડ ઊઠ્યો.

''બોલ મારી ગંગારાણી, આજ કેમ આમ ધાડ પાડતી હોય એમ જગાડ્યો? દિલ પર તો ધાડ પાડી દીધી. હવે શું જોઈએ છે?''

આજ પહેલી વાર ગંગાને કંટાળો આવ્યો.

પણ એ મનોજ સ્વસ્થ જાગે એની રાહ જોઈ રહી.

મનોજ મોઢું ધોઈને બહાર આવ્યો.

''કેમ જરા ગભરાયેલી લાગે છે? રોજ તો ઢેલની જેમ કળા કરતી હોય છે ને!''

ગંગાએ મનોજને ભય સાથે કપાળ પરનો ડાઘ બતાવ્યો. મનોજના ચહેરા પરના ભાવ અચાનક પલટાયા, પણ એણે સ્વસ્થતા કેળવીને કહ્યું,

''આપણે ડૉક્ટરને બતાવી આવશું.''

કંચનને જણાવવાની બંનેમાંથી કોઈની હિંમત ન ચાલી એટલે મંદિરના બહાને ડૉક્ટર પાસે પહોંચ્યાં.

બધી તપાસ કરીને ડૉક્ટરે એ ડાઘ કોઢનો છે એમ નિદાન કર્યું.

''જુઓ, હવે આ રોગથી ડરવા જેવું જરાય નથી.''

મનોજને ચક્કર આવી ગયાં અને ગંગાની મનોસ્થિતિ તો બહુ જ ખરાબ હતી. ભાંગેલ હૃદયે બંને ઘેર આવ્યાં. ધીરેથી કેળવીને કંચનને રાતે વાત કરી. ત્યારે તો કંચને ઔપચારિક દિલાસો આપ્યો, પણ એના મનમાં પુત્રવધૂની માનસિક સ્થિતિ કરતાં પાડોશી અને સમાજ સામે કેવું લાગશે એ વધુ ફિકર હતી.

રાતે મનોજ સંકોચમાં હતો.

''તું તો સમજદાર છો ગંગા, આ રોગ.. મને.. ચેપ..''

અને ગંગાએ પોતાની પથારી નીચે પાથરી દીધી.

પણ એ રાતથી કપાળના છેડે શ્વેત અને મન અને મગજ બંનેમાં ''પ્રેમ'' શબ્દ પર શ્યામ ડાઘ લાગી ચૂક્યો હતો.



રાત જેમતેમ પસાર થઈ. સવારે ગંગા રોજના નિયમ પ્રમાણે તૈયાર થઈને બહાર આવી ત્યારે કંચન ચા બનાવી રહી હતી.

''બા, તમે કેમ આજે ચા બનાવો છો? હું બનાવું જ છું ને?''

''હા તું તો બનાવે જ છે પણ.. આજથી ..ક્યાંક.. ચેપ..''

અધૂરાં અધ્યાહાર વાક્યોનો મતલબ સમજુ ગંગા બરાબર સમજી ગઈ. આંસુને પાણી સાથે ઉતારવાના પ્રયાસમાં પાણિયારે પહોંચી.

અરે અરે, ગંગા જો તારો પ્યાલો ત્યાં ઊંધો વાળ્યો છે. આ તો આખા ઘરની સલામતી માટે હોં!

બહાર મોસમ બદલાવાની સાથે ઘરની મોસમમાં જબરજસ્ત ફેરફારનાં એંધાણ ગંગાને જણાતાં હતાં.

પંદર દિવસ પછી મનોજ જે મોરલા જેવી ડોકના વખાણ કરતાં ધરાતો નહોતો, જે કમનીય ડોક પર હળવેથી એની આંગળીઓ ફરતી રહેતી - એ ડોક પર ડાઘ દેખાયો.

પછી તો જેમ જેમ ડાઘ વધતા ગયા એમ એમ ગંગા પર નિયંત્રણો પણ વધતાં ગયાં.

સામાજિક પ્રસંગોએ એને લઈ ન જવા માટે બહાનાં બતાવવામાં આવતાં. ઘરની બહાર મનોજને ગંગા સાથે નીકળતાં સંકોચ થવા માંડ્યો.

આમ ને આમ સમયની સાથે ગંગાના શરીર પરના ડાઘ પ્રસરતા ગયા.

કોઈ વાર કંચન મનોજને કહેતી એ સંભળાઈ જતું અથવા એને સંભળાય એમ વાર્તાલાપ થતો.

''મનોજ નાની ઉંમરમાં તારે આ બોજ આવી પડ્યો. તારી તો હજી જિંદગી માણવાની ઉંમર કહેવાય. આ જિંદગી પરના સફેદ ડાઘને ફારગતી આપ તો બીજી સુંદર વહુ લાવું. સમાજમાં આપણું કુટુંબ ઊંચું છે તે કન્યા તો આમ ચપટી વગાડતાં મળી જશે. આજે તો તું ગંગા સાથે ચોખ્ખી વાત કરી જ લેજે.એ કદરૂપી સાથે તારી આખી જિંદગી કેમ જાય?''

પણ મનોજને એક જમાનામાં પોતે પાગલની જેમ ગંગાને ચાહી હતી અને ગંગા તો આટલી ઉપેક્ષા પછી પણ મનોજની અને ઘર આખાની એટલી જ કાળજી લેતી એ શરમ નડતી રહેતી.

ઓટલા પરિષદમાં પણ વાતનો ગંગાના ડાઘ સિવાય બીજો વિષય બહુ ન જામતો. એકાદને છોડીને દરેકને મનમાં તમાશો જોવાનો આનંદ આવતો.

''લે, બહુ વહુના વખાણ કરતી તે હવે સહુથી વધુ કદરૂપી એની જ વહુ થઈ.''

વાલીમાસીને જરા સાચી સહાનુભૂતિ તે આજે કહી રહ્યાં હતાં,

''કંચન, એક પ્રખર વૈદ્યરાજ આવ્યા છે. ગંગાને બતાવ તો ખરી.''

મને-કમને કંચને મનોજને વાત કરી અને મનોજ મહાપરાણે ગંગાને લઇને વૈદ્યરાજ પાસે ગયો.

નાડ તપાસીને વૈદ્યરાજે દવાઓ, ઉકાળાઓ અને પરેજી પાળવાની આપી. કહ્યું,

જુઓ, કોઈ પણ પ્રકારના રોગને ચુસ્ત પરેજી, નિયમિત દવાઓનું સેવન, પરિવારની કાળજી, પ્રેમાળ

હૂંફ અને રોગીનું પોતાનું મનોબળ બસ, આ જ નિયમથી જીતી શકાય છે.

પરિવારની હૂંફના વિકલ્પને બાજુએ મૂકીને ગંગાએ બીજા બધા કડક નિયમસર દવા ચાલુ કરી.

ઘરમાં હજી અછૂત જેવો વ્યવહાર ચાલુ જ હતો.

જો દીકરા, આ કોઢી સાથે આખી જિંદગી ન નીકળે. એ મટે તોય બીજી વાર નહીં થાય એની શી ખાતરી? મને તો હવે રૂપાળી રાધા જેવી બીજી વહુ જ ગમશે.''

કંચનનો મનોજને ગંગાને છૂટાછેડા આપવાનો આગ્રહ પણ પૂરજોશમાં ચાલુ હતો.

રોજનાં મહેણાં, ઉપેક્ષિત વ્યવહારને નજરઅંદાજ કરે જતી ગંગા પોતાના પ્રદૂષિતપણાને નાબૂદ કરવા એકચિત્તે સારવાર કરતી રહી અને પરિણામ સ્વરૂપ ડાઘાઓએ હાર સ્વીકારીને અદશ્ય થવાનું શરૂ કર્યું.

મનોજ ગંગાએ રોગને આપેલા પરાજયથી ખુશ હતો.

વૈદ્યરાજે ગંગાને આશીર્વાદ આપતાં કહ્યું,

''જા બેટા, આજથી તું ફરી નિર્મળ છો. તારામાં આવેલું પ્રદૂષિતપણું જડમૂળમાંથી નાબૂદ થઈ ગયું છે.''

અને મનોજ ગંગાને લઈને ઘેર આવ્યો ત્યારે ઓટલા પરિષદ ભરાઈ ચૂકી હતી.

ગંગા પહેલાં કંચનને પગે લાગી. વાલીમાસીને તો ભેટી જ પડી.

તમે મારા પર લાગેલ ડાઘના ગ્રહણના નિવારણનું નિમિત્ત છો. હું જિંદગીભર ઋણી રહીશ.

રાતે મનોજે શયનખંડમાં આવીને ગંગાને ઉપર પોતાની પાસે સૂવાનું કહ્યું,

''જો વહાલી, હું તો પહેલેથી જ જાણતો હતો કે આ રોગ મટે એવો છે. ડૉક્ટરે પણ કહ્યું જ હતું ને! વાલીમાસી મને વહુઘેલો જ કહે છે ને!''

ચાસણીમાં બોળેલા શબ્દોએ અહલ્યા બની ગયેલી ગંગાને બહુ અસર ન કરી.

રાત પસાર થઈ.

કંચન અને મનોજ જાગ્યાં ત્યારે પહેલાંની જેમ ગંગા પોતાના બેદાગ રૂપ સાથે ચા બનાવતી હતી.

કંચને ચાનો કપ લેતાં કહ્યું,

''મારી વહુ તો હીરો છે હીરો.''

બંનેને ચા આપીને ગંગાએ કહ્યું,

''એક ડાઘ - માત્ર એક ડાઘ જ તો હતો. તે પણ મારા હાથમાં જે નહોતું એનો દોષ મારા પર આવ્યો. મારો પ્રેમ અને મારો પરિવાર એ કસોટીમાં મને સાથ આપવામાં સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યા. હા, એ સફેદ ડાઘે મને માણસના કાળા મનની ઓળખાણ કરાવી દીધી. હું તમને બંનેને મારી જવાબદારીમાંથી મુક્ત કરું છું.''

કંચન અને મનોજ મહાભિનિષ્ક્રમણ આદરી રહેલી પવિત્ર ગંગાને રોકી ન શક્યાં.

પાંચ વર્ષ પછી ગંગાકિનારે વૈદ્યરાજના આશ્રમમાં ગુરુમા ચર્મરોગના દર્દીઓની સારવારમાં વ્યસ્ત હતાં. ગંગા એક સંતાનની મા નહીં અનેકની ગંગામા બની ચૂકી હતી.

**દીના વછરાજાની**

'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

સુખ તો એવું લાગતું જાણે પાંદડા ઉપર પાણી
ઉકેલવી એ કેમ કરી આ પરપોટાની વાણી ?

આંખ ખોલું તો મોસૂઝણું ને આંખ મીંચું તો રાત
ખૂલવા ને મીંચવા વચ્ચે આપણી છે ઠકરાત

પળમાં પ્રગટે ઝરણાં જેવી કોઈની રામકહાણી
સુખ તો એવું લાગતું જાણે પાંદડા ઉપર પાણી

ટહુકો નભમાં છલકી ઊઠે એટલો હો કલરવ
સાંજનો કૂણા ઘાસ ઉપર પથરાયો પગરવ

લીંપણ કોઈ ગાર-માટીનું સહુને લેતું તાણી
સુખ તો એવું લાગતું જાણે પાંદડા ઉપર પાણી

દિલીપ જોશી

**BOOK POST DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org

